ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૫ || અંકઃ ૧૧ || નવેમ્બર ૨૦૨૩ || સળંગ અંક : ૬૨૫

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

Charutar Vidya Mandal's

# CVM HIGHER SECONDARY EDUCATION COMPLEX

## (VOCATIONAL STREAM)

VALLABH VIDYANAGAR




## વિશિષ્ટતાઓ :

- શાળાનું સુંદર સુવિધાયુક્ત મકાન
- પ્રાર્થના ખંડ
- હવા-ઉજાસવાળા સગવડતાયુક્ત વર્ગખંડો
- અધ્યતન સુવિધાયુક્ત પ્રયોગશાળા
- અદ્યતન કોમ્પ્યુટર લેબ
- એનએસએસ
- રમણીય પટાંગણ
- સ્વચ્છ પીવાનું પાણી
- ફાયર સેફ્ટી
- પુસ્તકાલય
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ શાળા પરિસર.


**C.V.M. HIGHER SECONDARY EDUCATION COMPLEX**
Vocational Stream (Home Science Unit) Vallabh Vidyanagar
Ta. & Dist. Anand. (Gujarat)
Ph.: (02692) 231245
Email :cvm_homevvn10@yahoo.com


(વધુ વિગતો પાન નં.૩૦ ઉપર)




**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ
**સંપાદન-સહાય**
વિજય સુથાર ● હરીશ પારેખ
**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

નવેમ્બર-૨૦૨૩
વર્ષ : ૨૫ અંક : ૧૧
સળંગ અંક : ૬૨૫

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


પ્રમુખ
શ્રી પ્રયાસ્વીનભાઇ બી. પટેલ

ઉપપ્રમુખ
શ્રી મનીષભાઇ એસ.પટેલ

અધ્યક્ષ
શ્રી ભીખુભાઇ બી. પટેલ

માનદ્ મંત્રી
ડૉ.એસ.જી.પટેલ

માનદ્ સહમંત્રીઓ
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ.પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજજ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યુ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ●ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર www-vvidyanagar.in પર મૂકવામાં આવે છે. દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

પ્રેમનગર કે માંહિ હોરી હોય રહી !
જબસોં ખેલી હમહૂં ચિત્ત હૈ, આપનહૂં કો ખોય રહી
બહુતન કુલ અરુ લાજ ગંવાઈ, રહો ન કોઈ કામ
નાચિ ઊઠે કભી ગાવન લાગૈં, ભૂલે તન ધન ધામ
**- ચરણદાસ**


|| પ્રાથમ્ય || બુદ્ધિમત્તા ....................................૩
**સંકલન : એસ. જી. પટેલ**
|| આપણો વૈભવ અને વારસો || ....................૫
**પદ્ય-વિભાગ : અખો, ચરનદાસ, જગજીવનદાસ, સૂરદાસ**
|| નવાં કાવ્યો || ..........................................૬
**ઉમેશ જોશી, સાહિલ, લતા હિરાણી, મયુરિકા લેઉઆ-બેન્કર**
|| આપણો વૈભવ અને વારસો || મૂળમાં છે. .............૭
**વિનોબા ભાવે**
|| લઘુકથા-૧ || કોરીકટ ...................................૮
**નસીમ મહુવાકર**
|| લઘુકથા-૨ || સીઆઈડી .............................૯
**નવીન જોશી**
|| ચિંતન || મર્યાદાને શણગારવી એ સૂક્ષ્મ હિંસા છે. .....૧૦
**મનસુખ સલ્લા**
|| નિબંધ || રૂપેણ કાંઠાની રસોઈ............................૧૧
**પ્રવીણ ગઢવી**
|| આચમની || આર.એ.નારાયણના સર્જન સાહિત્યમાં વર્ણિત બાળવિશ્વ ..........................................૧૫
**રાજેન્દ્ર ઠાકર**
|| વ્યક્તિ-વિશેષ (સમીક્ષા લેખ) ||
અનોખાં સ્વાતંત્ર્ય સેનાની-મણિબહેન પટેલ ...............૧૮
**રમણ વાઘેલા**
|| પુસ્તક સમીક્ષા || 'અંતઃપર્વ' : વિસરાતી જતી સંસ્કૃતિનો જીવંત ધબકાર...............................................૨૩
**રાકેશ પટેલ**
|| ચૂંટણી વિશેષ || "એક રાષ્ટ્ર, એક ચૂંટણી".........૨૫
**ભાનુ એમ. પરમાર**
|| કારકિર્દી વિશેષ || ભણતરનો અધિકારઃ મેળવો સ્કૂલમાં મફત એડમિશન .........................................૨૭
**ભૌતિક એન. પટેલ**
|| સંસ્થા પરિચય || સીવીએમ.હાયર સેકન્ડરી એજ્યુકેશન કોમ્પલેક્ષ, વ્યવસાયલક્ષી પ્રવાહ, હોમ સાયન્સ જૂથ...૩૦
**શ્રીમતી આશાબેન પટેલ**
|| વિદ્યાવૃત્ત || .............. ૧૪, ૧૭, ૨૨, ૨૪, ૩૪


 ISSN 0976-9609

## ॥ પ્રાથમ્ય ॥

## બુદ્ધિમત્તા

**સંકલન : એસ.જી.પટેલ**

- મનુષ્ય બીજાં પ્રાણીઓથી કેવળ તેની બુદ્ધિને લઈને જ અલગ પડે છે; કેટલાક લોકો તેને વિકસાવવાની કોશિશ કરે છે અને બીજા લોકો તેની અવગણના કરે છે, જેમ તેઓ તેમને પ્રાણીઓથી અલગ કરનાર બીજા ગુણોની અવગણના કરવાનો પ્રયત્ન કરે છે તેમ જ.
- દરેક જીવ પાસે સંવેદના માટે ઈન્દ્રિયો હોય છે, જે વિશ્વમાં તેને તેનું સ્થાન બતાવે છે. મનુષ્ય માટે પ્રાથમિક ઈન્દ્રીય એ બુદ્ધિ છે. જો તમને વિશ્વમાં તમારું સ્થાન અને તમારા જીવનનો અર્થ ખબર ન હોય, તો જાણી લો કે તેમાં કોઈનો દોષ છે; અને એ સમાજની વ્યવસ્થા કે તમારી બુદ્ધિનો નહીં, પરંતુ તમે તમારી બુદ્ધિને જે રીતે વાપરો છો તેનો છે.
- જો વ્યક્તિમાં બુદ્ધિ ન હોય તો તે સારા અને ખરાબ વચ્ચે ભેદ કરી શકતો નથી, અને તેથી તે સારપની નથી શોધ કરી શકતો કે નથી તેને મેળવી શકતો.
- મોટા ભાગના મનુષ્યો તેમના ધ્યાન-ચિંતન પ્રમાણે નહીં, તેમની ભાવનાઓને સુસંગત નહીં, પરંતુ જાણે સંમોહિત થઈ ગયા હોય તેમ, કોઈ પૅટર્નના અક્કલ-વિહોણા પુનરાવર્તનના આધારે વર્તતા હોય છે.
- આપણે જે પણ જાણીએ છીએ તે બુદ્ધિ દ્વારા જાણીએ છીએ. જેઓ આ બાબત નથી માનતા, જેઓ કહે છે કે તમારે તમારી બુદ્ધિને ન અનુસરવી જોઈએ તેઓ મને એવા લોકોની યાદ અપાવે છે, જેઓ એમ સૂચવે છે કે અંધારામાં રસ્તો બતાવનાર એક માત્ર ફાનસને બાજુ પર મૂકી દેવું.
- બધી બાબતોને કાળજીપૂર્વક તપાસોઃ તમારી બુદ્ધિ સાથે જે સુસંગત હોય તેવી જ બાબતોને માનો.
- તમારી પાસે તમારી જિંદગીમાં અને તમારી કેળવણીમાં તમારી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવા જેટલી બહાદુરી હોવી જોઈએ.
- બુદ્ધે કહ્યું હતું "ધ્યાન વખતે, બોલતી વેળાએ, જીવનમાં, અભ્યાસ વખતે હું સૌથી મહત્ત્વની વાત ક્યારેય નથી ભૂલતોઃ આપણી બુદ્ધિની જરૂરિયાતો."
- બધા લોકોમાં એક સમાન બુદ્ધિ છે અને બધું કમ્યૂનિકેશન બુદ્ધિ પર આધારિત છે; તેથી દરેક વ્યક્તિએ બુદ્ધિની જરૂરિયાતોનું ધ્યાન રાખવું જોઇએ.
- આપણા મનોવિકારો અન્ય લોકોની લાગણીઓને વશ હોવાથી આપણે આ વિશ્વમાં એ હદ સુધી મુક્ત હોતા નથી - કે આપણે આપણી બુદ્ધિની જરૂરિયાતોને ભૂલી જઈએ છીએ. જો આપણે ખરેખર મુક્ત થવા ઈચ્છતા હોઈએ, તો આપણે તેવું આપણી બુદ્ધિ દ્વારા જ કરી શકીએ છીએ.
- તમારી આસપાસ જુઓ. વિશ્વના લોકો આના વિશે શું વિચારે છે ? તેઓ જે સૌથી મહત્ત્વની બાબત છે તે સિવાય સઘળાનો વિચાર કરે છે. તેઓ નૃત્ય, સંગીત અને ગાન વિશે વિચારે છે; તેઓ મકાનો, ધનસંપત્તિ અને સત્તા વિશે વિચારે છે; તેઓ રાજા અને ધનવાન લોકોની ધનસંપત્તિની ઈર્ષ્યા કરે છે; પરંતુ માનવ બનવાનો અર્થ શું છે તેનો તેઓ સહેજ પણ વિચાર કરતા નથી.
- દરેક વ્યક્તિની એક મુખ્ય જવાબદારી એ છે કે ઈશ્વર તરફથી તમને જે બુદ્ધિરૂપી તણખો મળ્યો છે, તેનાથી તમારી આસપાસના વિશ્વને અજવાળો. આ વિશ્વમાં બધું છેવટે દિવ્ય બુદ્ધિનું પ્રગટીકરણ છે.
- બુદ્ધિમત્તા મનુષ્યને મુક્ત કરી શકે છે; જેટલું વ્યક્તિનું બૌદ્ધિક જીવન ઓછું હોય, તેટલો તે ઓછો મુક્ત હશે.
- એમ નહીં માનતા કે ધર્મમાં તમે તમારી બુદ્ધિમત્તા પર ભરોસો ન કરી શકો. આપણી બુદ્ધિશક્તિ દરેક સાચા ધર્મના પાયાઓને ટેકો આપે તેવું થવું જ જોઈએ.
- મનુષ્યજાતિ જેટલો લાંબો સમય અસ્તિત્વ ધરાવે છે, તેટલો વધુ તે પૂર્વગ્રહોથી મુકત થતો જાય છે અને વધુ સ્પષ્ટ રીતે જીવનના કાનૂનને સમજી શકે છે.
- મારી ભીતર બોલતાં ઘણા બધા અવાજોમાં જો હું મારા આત્માનો સાચો અવાજ ઓળખી શકું, તો હું ક્યારેય ભૂલ નહીં કરું, અને કયારેય અનિષ્ટ નહીં કરું. તમારા સ્વને જાણવો આ માટે આવશ્યક છે. જો તમે એવું નોંધો કે તમે તમારી આંતરિક ઈચ્છાઓ પ્રમાણે નહીં, પરંતુ કોઈ બાહ્ય અસરોમાંથી વર્તી રહ્યા છો, તો થોભો અને વિચારો કે તમને દોરી રહ્યું છે તે સારું છે કે ખરાબ.

- તમારી બુદ્ધિ જે રીતે જૂની વાર્તાઓ અને દંતકથાઓને પ્રશ્ન કરે છે, તેનાથી ડરો નહીં. શુદ્ધ બુદ્ધિ સત્યનું રૂપાંતર કર્યા વિના કશાનો પણ નાશ કરી શકતી નથીઃ આ તેના આવશ્યક ગુણોમાંનો એક છે.
- આપણે ગમે ત્યારે આપણા દષ્ટિકોણોને બદલવા તૈયાર રહેવું જોઈએ, પૂર્વગ્રહોને કાંચળીની જેમ ઉતારી નાંખવા જોઈએ અને ખુલ્લા, ગ્રહણશીલ મનથી જીવવું જોઈએ. કોઈ ખલાસી હંમેશાં તેનો સઢ એક જ પ્રકારે રાખે, પવનની દિશા બદલવાની સાથે સઢની સ્થિતિમાં ફેરફાર ન કરે, તો કયારેય તેના લક્ષ્ય સમાન (બંદર) કિનારા સુધી પહોંચી શકતો નથી.
- મનુષ્ય જીવનનો હેતુ આપણી જિંદગીના અર્થહીન આધારને તર્કસંગત, વિવેકબુદ્ધિવાળો આધાર બનાવવાનો છે. સફળતાથી આમ કરી શકવા માટે બે બાબતો મહત્ત્વની છેઃ ૧. બધી જ અતાર્કિક, ડહાપણવિહીન બાબતોનું નિરીક્ષણ કરી, તેના પર ચિત્ત એકાગ્ર કરી, તેમનો અભ્યાસ કરવો. ૨. તાર્કિક, શાણપણભરી જિંદગીની સંભાવનાઓને સમજવી. મનુષ્યજાતિના બધા જ શિક્ષકોનો ઉદ્દેશ પણ આપણા જીવનના આ અતાર્કિક અને તાર્કિક આધારોને સ્પષ્ટ કરવાનો જ હતો.
- આપણો યુગ ટીકાનો છે. ધર્મ અને કાયદા-કાનૂન ટીકાથી છટકવાનો પ્રયાસ કરે છે, ધર્મ એમ કહીને કે પોતે દિવ્ય છે અને કાયદો એમ દર્શાવીને કે પોતે શક્તિશાળી છે. પરંતુ આ છટકબારીઓમાંથી શંકા ઉદ્ભવે જ છે, કારણ કે જે બાબતો મુકત અને જાહેર કસોટીમાં પાર ઊતરવા તૈયાર હોય તેમને માટે જ આદર થઈ શકે છે.
- જો તમે તેનો દુરુપયોગ કરો તો તમારા જીવનમાં કોઈ વસ્તુ જેટલી વધારે મહત્ત્વની છે, તેટલી જ તે ભવિષ્યમાં તમારા માટે હાનિકારક હોઈ શકે છે. લોકોનાં દુર્ભાગ્ય અને વિપત્તિઓ મોટેભાગે આપણાં જીવનનાં સૌથી કિંમતી સાધનના દુરુપયોગથી આવે છેઃ અને તે છે આપણી બુદ્ધિમત્તા.
- જ્યારે બુદ્ધિ દુર્ગુણો અને મનોવિકારોની ગુલામ, તથા જુઠ્ઠાણાંઓની ટેકેદાર બને છે ત્યારે તે કેવળ વિકૃતિ જ નહીં, એક બિમારી બની જાય છે, અને પછી આપણે સત્ય કે જૂઠ વચ્ચેનો, ઈષ્ટ કે અનિષ્ટ વચ્ચેનો, સદ્ગુણ કે દુર્ગુણ વચ્ચેનો ફર્ક જોઈ શકતા નથી.
- ઈશ્વરે તેનો આત્મા, તેની બુદ્ધિમત્તા આપણને આપી, જેથી આપણે તેની ઈચ્છાને સમજી શકીએ અને તેને પરિપૂર્ણ કરી શકીએ; પણ આપણે તેનો દુરુપયોગ કરીએ છીએ અને આપણી પોતાની ઈચ્છાઓ પૂરી કરવા માટે આ આત્માને કામે લગાડી દઈએ છીએ.
- બુદ્ધિનો હેતુ સત્યને પ્રગટ કરવાનો છે; તેથી બૌદ્ધિક પ્રયત્નોથી સત્યને વિકૃત કરવું તે હાનિકારક ગેરસમજણ છે.
- મનુષ્ય જ્યારે સત્યનિષ્ઠ થઈને જીવે છે ત્યારે જ તે મુક્ત હોય છે, અને સત્ય કેવળ બુદ્ધિથી જ સમજાઈ શકે છે.
- જ્યારે કોઈ વ્યક્તિ આ પ્રશ્ન પર પોતાની બુદ્ધિ અજમાવે છે, "આ વિશ્વમાં હું શા માટે અસ્તિત્વ ધરાવું છું ?" તો એને તમ્મર અવી જાવી જાય છે. મનુષ્યની બુદ્ધિ આવા પ્રશ્નોના ઉત્તર શોધી શકતી નથી. આનો શું અર્થ થાય ? આનો અર્થ એ થાય કે આપણી બુદ્ધિ આપણને એટલા માટે આપવામાં નથી આવી કે આપણે આવા પ્રશ્નોના ઉકેલ શોધી શકીએ. આપણી બુદ્ધિ આ જ પ્રશ્નનો ઉત્તર આપી શકેઃ "મારે કેવી રીતે જીવવું જોઈએ ?" એને તેનો ઉત્તર સરળ છેઃ "આપણે એવી રીતે જીવવું જોઈએ, જેથી આપણે બધા લોકોનું શુભ કરી શકીએ."
- વિચારશીલ મનુષ્યની એક વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે તે પોતાની નિયતિનો સ્વીકાર કરે છે. તેનાથી વિરુદ્ધ, પ્રાણીઓનું લક્ષણ એ છે કે તેઓ નિયતિ સાથે શરમજનક સંઘર્ષ કરે છે.
- શાણપણભર્યા બનવા તમારે તમારી બુદ્ધિને જ અનુસરવું પડશે, જો કે, જીવન જીવવાના આવા રસ્તા પર ઘણી વાર ટીકાનો હુમલો થાય છે.
- પ્રેમ લોકોને એક કરે છે. વિશ્વવ્યાપક બુદ્ધિ, જે સૌના માટે એક છે, તે આ ઐક્યને આધાર આપે છે.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર, ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
Email:sgpatel1948@gmail.com

 ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો પદ્ય વિભાગ ।।

### સંતો રે અચવ્યો રસ ચાખો

**અખો**

ચવ્યો ચિત્તમાંહે નવ ધરો; વિચારીને નાખો
સંતો રે અચવ્યો રસ ચાખો...
જે વણસે તે ઉપજે, ઉપજે તે વણસે
પંચ વિષેથી જે રહે પરે, તેમાં શીદ ભળશે ?...સંતો રે.
માપ અમાપમાં શાને ગણો, આપ અળગું જાણો
જેમ દરસનસંપુટ ભીડતાં, જુઓ તન બંધાણો... સંતો રે.
પિંડ બ્રહ્માંડ છે જે વડે, નથી તે કોઈ માટે
એવું ભર્યુ ભાણું મૂકીને,
જમ્યું ચષણ કોણ ચાટે?... સંતો રે.
લીલાવિગ્રહ વિશ્વનું, તે વિશ્વમાં મૂકો
અણઆયાસે પરમાત્મા, જોતાં નવ ચૂકો.. સંતો રે.
પહેલો થાયે આપને, સાહામો થપાયે
થાપે સ્થિર તે નવ રહે, ઘેને ધાતા જાયે... સંતો રે.
તેજે ત્રિલોકી દેખીએ, તેજ તેજને રૂપ
જેમ ડોળા ચક્ષુ નિરમલા, તેજ સરખું રંક ભૂપ... સંતો રે
દૈવદર્શીનું દેખવું, અખે કહી મેલ્યું
ખેચરગત ખેચર લહે, ભૂચરને દોહલું... સંતો રે

### હમારા દેખિ કરૈ નહિં કોઈ

**જગજીવનદાસ**

હમારા દેખિ કરૈ નહિં કોઈ
જો કોઈ દેખિ હમારા કરિહૈ, અંત ફજીહતિ હોઈ

જસ હમ ચલૈ ચલૈ નહિં કોઈ, કરી સો કરૈ ન સોઈ
માનૈ કહા કહે જો ચલિહૈ, સિદ્ધ કાજ સબ હોઈ

હમ તો દેહ ધરે જગ નાચબ, ભેદ ન પાઈ કોઈ
હમ આહન સતસંગી-બાસી, સૂરતિ રહી સમોઈ

કહા પુકારિ બિચારી લેહુ સુનિ, બૃથા સબ્દ નહિં હોઈ
જગજીવનદાસ સહજ મન સુમિરન, બિરલે યહિ જગ કોઈ

### પ્રેમનગર કે માંહિ હોરી હોય રહી !

**ચરનદાસ**

પ્રેમનગર કે માંહિ હોરી હોય રહી !
જબસોં ખેલી હમહૂં ચિત્ત હૈ, આપનહૂં કો ખોય રહી

બહુતન કુલ અરુ લાજ ગંવાઈ, રહો ન કોઈ કામ
નાચિ ઊઠે કભી ગાવન લાગૈં, ભૂલે તન ધન ધામ

બહુતન કી મતિ રંગ રંગી હૈ, જિનકો લાગો પ્રેમ
બહુતન કો અપની સુધિ નાહીં, કૌન કરૈ અસ નેમ

બહુતન કી ગદગદ હી બાની, નૈનન નીર ઢરાય
બહુતન કો બૌરાપન લાગો, વ્હાંકી કહી ન જાય

પ્રેમી કી ગતિ પ્રેમી જાનૈ, જાકે લાગી હોય
ચરનદાસ ઉસ નેહ-નગર કી સુકદેવા કહિ સોય

### મેરો મન અનત કહાં સુખ પાવૈ

**સૂરદાસ**

મેરો મન અનત કહાં સુખ પાવૈ
જૈસે ઉડી જહાજ કો પંછી
ફિરિ જહાજ પર આવૈ

કમલ નૈન કો છાંડિ મહાતમ
ઔર દેવ કૌં ધ્યાવે
પરમ ગંગ કો છાંડિ પિયાસો
દુરમતિ કૂપ ખનાવૈ... મેરો મન.
જિહિ મધુકર અમ્બુજ રસ ચાખ્યો
ક્યોં કરીલ ફલ ભાવે ?
સૂરદાસ પ્રભુ કામધેનુ તજિ
છેરી કૌન દુહાવૈ ?... મેરો મન.

## ॥ નવાં કાવ્યો ॥

### કાજળ નથી

**ઉમેશ જોષી**

કેમ હમણાં કોઈનો કાગળ નથી,
કે પછી આ નયનનાં અંજળ નથી.
આજ પર્ણો પણ પૂછી બેઠાં મને,
કેમ તારા આંગણે ઝાકળ નથી ?
શક્યતાનો એ ઈશારો તો હતો,
ને છતાંયે ડાળ પણ કૂંપળ નથી.
છું રિયાસતમાં તમારી ને છતાં,
કેમ હું પણ અન્યની આગળ નથી.
રાહમાં છું કે હજી એ આવશે;
આંખમાં અટકળ હશે, કાજળ નથી.

૫, બ્રહ્મેશ્વરનગર, બ્રાહ્મણ સોસાયટી,
અમરેલી–૩૬૫૬૦૧, (મો) ૯૮૭૯૫૬૬૫૯૦

### ગીત

**મયુરિકા લેઉવા-બેંકર**

અમે નથી વર્તુળમાં,
વિસ્તરવાના દસે દિશામાં, ગોળાના
પુદ્ગળમાં....અમે નથી
બિંદુબિંદુ સિંધુ સરજે, બિંદુ સરજે રેખા,
બે બાજુએ બોલે, સાચાં ટાણે ના દે દેખા
ઝળહળતાં કિરણોને ભરશું નિઃશંકે ઊંડળમાં...અમે નથી
કેટકેટલા ખંડો પાડે, ખંડોના ચોખંડા
લઘુગુરુના ખૂણા આંકે, રોપે નિજના ઝંડા
હોય ઉપર કાગળની કે હો સૂરજના મંડળમાં.....અમે નથી
ઊભીઆડી બાજુને દે ટેકો થઈને ત્રાંસો
કાટકોણને ત્રિભુજ બનાવે, ઢાળે ના નિજ વાંસો
કર્ણ બની નહીં પસ્તાવાના, કવચ અને કુંડળમાં...અમે નથી

ક્વાર્ટર નં-૦૬, સ્ટ્રીટ નં-૪,
નર્મદાનગર, જીએનએફસી ટાઉનશીપ,
ભરૂચ-૩૯૨૦૧૫ (મો) ૯૯૭૮૪૦૮૮૨૦

### ગઝલ

**સાહિલ**

લાગણી અવતારને કનડી ગઈ
જીવ-ને જકડ્યાં વિના જકડી ગઈ
જિંદગી પણ નીકળી શું ચાલબાઝ
મારા ઘંટુલે મને ભરડી ગઈ
ભાઈબંધી શબ્દની સાથે થતાં
બંધ બારીઓ બધી ઊઘડી ગઈ
કાળે અર્જુનને લૂંટ્યાં જેવું થયું
સાંજ જ્યારે સૂર્યને પકડી ગઈ
વાત મારી અવદશાની સાંભળી
યાતનારાણીય શું ફફડી ગઈ
ફેરા સાથે ભીનું મન બોલી ઊઠ્યું
ફેરા સાથે ફેરફૂદરડી ગઈ
બાળપણમાં જ્યાં સમજદારી ભળી
આભમાં સોના-પરી ઊપડી ગઈ
શિરપણું ક્ષણવતમાં 'સાહિલ' ગયું
શિર ઉપરથી જે ક્ષણે પઘડી ગઈ.

નીસા-૩/૧૫, દયાનંદનગર,
રાજકોટ-૩૬૦૦૦૨, (મો) ૯૪૨૮૭૯૦૦૬૯

### ઊગ્યાં અજવાળાના રંગો

**લતા હિરાણી**

ઊગ્યાં અજવાળાના રંગો
ઊગ્યાં રંગોનાં અજવાળાં
હો જી રંગોનાં અજવાળાં...
અમથા અંધારા ના ભાગે, જાગી આંખો જોતી
રણઝણતા જ્યારે આવે એ સમજણ પ્રોયા મોતી
આવે પૂનમ, બીજ, અમાસો, સઘળા દિ હૂંફાળા
હો જી રંગોના અજવાળાં...
ઘટે નહીં ચંદર કે સૂરજ, તેજ છલોછલ ભારે
પ્રેમનિધિ છલકાય સદાયે, ઉર બજે એકતારે
એવી એવી કૈંક ઉષાઓના થાયે સરવાળા
હો જી રંગોનાં અજવાળાં


ISSN 0976-9609

|| વૈભવ-વારસો ગદ્ય વિભાગ ||

## મૂળમાં છે...

**વિનોબા ભાવે**

સમતા એ આજનો યુગધર્મ છે અને સર્વોદય આવી સમતા સાધવા માગે છે. સર્વોદયની આવી મહેચ્છાના મૂળમાં છે માણસનો માણસાઈમાં વિશ્વાસ.

જો આવો વિશ્વાસ ન હોય, તો ન તો કદી સર્વોદય આવી શકશે, ન સમાજવાદ સ્થાપી શકાશે કે ન કોઈ પણ જાતની સજ્જનતાભરી સમાજરચના ઊભી કરી શકાશે. આવા વિશ્વાસ વિના કોઈ પણ સારી રચના જ નહીં થઈ શકે.

તેથી સર્વોદય કામમાં આપણને માણસની માણસાઈમાં મૂળભૂત વિશ્વાસ છે. સોક્રેટિસે કહ્યું છે કે માણસ મૂળતઃ સજ્જન છે. તેનામાં જે દોષો દેખાય છે તે અજ્ઞાનને કારણે છે તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, બૂરાઈઓ વગેરે દૂર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહીં અજ્ઞાન છે. માણસ મૂળતઃ સજ્જન છે.

માણસની માણસાઈમાં આવો વિશ્વાસ, એ સર્વોદયનો પાયો છે. ભૂદાનયજ્ઞમાં માણસના દિલમાંની પ્રેમ અને સદ્ભાવનાની વૃત્તિને કેળવવાનો પ્રયાસ થયો. જુઓ ને ! આટલાં વરસ હજારો લોકોએ મારાં ભાષણ અત્યંત શાંતિથી ને પ્રસન્નતાથી સાંભળ્યાં. હું એમને કાંઈ એમના સ્વાર્થની વાત નહોતો કરતો. હું એમને દાન આપવાનું કહેતો, બીજા માટે ઘસાવાનું કહેતો. એમને તે સાંભળવું સારું લાગતું. મીઠું લાગતું. એટલે કે અંદરથી તે ચીજ એમને પસંદ છે, પછી ભલે પોતે તે મુજબ ન પણ કરી શકતા હોય. આના ઉપરથી ખબર પડે છે કે માનવ-સ્વભાવ મૂળમાં કેવો છે.

ટૂંકમાં, પહેલી વાત એ કે માણસ સ્વભાવથી સ્વાર્થી, લોભી કે એકલપેટો નથી, પણ ખોટી સમાજરચનાને કારણે એમ વર્તતો થઈ ગયો છે. આપણે જો ઉચિત ને અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઊભી કરી શકીએ, તો પ્રેમ કરવો, બીજા માટે ઘસાવું વગેરે તેની મૂળભૂત સ્વાભાવિક વૃત્તિઓને મ્હોરી ઊઠવા માટે પૂરતો અવકાશ મળે.

બીજી વાત એ છે કે માનવ-સ્વભાવ એ કોઈ નિયમિત ને સ્થિર વસ્તુ છે જ નહીં. એ તો બદલાતો આવ્યો છે, સતત વિકસિત થતો આવ્યો છે, અને હજીયે તે આવી જ રીતે બદલાતો રહેશે, વિકાસ પામતો રહેશે. તેનો સાચી દિશામાં વિકાસ થાય, તે આપણે જોવું જોઈએ.

('ભૂમિપુત્ર' પખવાડિક : ૨૦૦૬)
'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર

**વિશ્વાસ એની પર કરો જે તમારી ત્રણ વાતો જાણી શકે**
**તમારા સ્મિત પાછળનું દુઃખ, તમારા ગુસ્સા પાછળનો પ્રેમ,**
**તમારા મૌન રહેવા પાછળનું કારણ.**

|| લઘુકથા-૧ ||

## કોરી કટ

નસીમ મહુવાકર

રમાની વાણી અને આંખનું પાણી, બન્નેનો પ્રવાહ આજે અટકતો નહોતો. એનું હૈયું ઠલવાઈ જાય એ માટે નિહારિકા શાંતિથી એની વાત સાંભળતી રહી. ઘણા વર્ષોથી રમા એના ઘરે કામ કરતી એટલે લાગણીનો નાતો બંધાઈ ગયેલો.

વાતમાં ખાસ કંઇ નહીં, મોટા દીકરાએ સાસુ-વહુની ચડભડમાં જરાક બોલી દીધેલું, ને એમાં એને લાગી આવેલું.

"બેન, તમારા ભાઈ ગ્યા કેડે કેવી રીતે બેય સોકરાંવને મોટા કર્યા ઈ મારું મન જાણે. ઈ હતાં તંયે કેમ રાખતાં મને ! ઘર સિવાય બા'રનું એકેય કામ કોઈ દી' અડવા દીધું નથ. બધું એકલપંડે હંભાળે. સોકરાંવનું ભણવા મૂક્યાં પસે ખેંશ પડતી, ને મેં પારકાં ઘરનાં કામ બાંધવા પૂંસેલું તે દા'ડે એની આંખ્યુંમાં પાણી આવી ગ્યા'તા. તનતોડ મે'નત કરી ઘર હાંક્યું, પોતે દખી થ્યા પણ મને અગવડ નો'તી પડવા દીધી. ઈગ્યા તેદુની ગામના એંઠવાડ કાઢું. એક જ આશાએ કે સોકરાંની પાંહે લાંબો હાથ નો કરવો. એની આવક ટૂંકી તે આ ઉંમરેય એને ટેકો કરું પણ કદર નથી મારી. ઈ હોય તો આવું હોય ?"

"રમા, છોરું છે, ભૂલ કરી બેસે. મોટું મન રાખી માફ કરી દેવાનું. ને આવું તો બધા ઘરે ચાલ્યા જ કરતું હોય."

હાલ્યા તો કરે બેન, પણ ઈ મને કોઈ દી ઊંચા હાદે બોલ્યા નથ. મારે માણહની ખોટ પડી તે સોકરાંવનું હાંભળવાનુંને ?"

"રમા".

"બેન, આ તો તમે ય મારી જેમ રયા તે તમારી પાંહે મન ઠલવું".

નિહારિકાના આશ્વાસન પછીય રમાને શાતા નહોતી થઈ. એ હજુ પાલવના છેડાથી આંખ લૂછતી હતી.

નિહારિકાએ રસોડામાંથી પાણીનો ગ્લાસ લાવી એને આપ્યો.

"રમા".

"બેન, આ નસીબ જ વાંકુ, નકર આમ..."

નિહારિકાએ રમાનો હાથ પકડી રાખ્યો. શબ્દો હોઠે આવીને અટકી રહ્યા. રમાને કેમ સમજાવવું કે એ કેટલી નસીબદાર હતી. કેટલી તકલીફો વચ્ચેય એની આંખો સુખદ સ્મૃતિઓથી ભીંજાયેલી હતી અને પોતાની... સાવ કોરી કટ !

'નીર', બી-૪૦૨, ગોકુલબાગ એપાર્ટમેન્ટ, પોર-કુડાસણ રોડ, ગાંધર-કોબા હાઈવે પાસે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧, (મો) ૯૯૧૩૧૩૫૦૨૮

**અભિમાન કોઈને ઉપર આવવા દેતું નથી.**
**અને સ્વાભિમાન કોઈને નમવા દેતું નથી.**

 ISSN 0976-9609

॥ લઘુકથા-૨ ॥

## સીઆઈડી

**નવીન જોશી**

નીલાનો વર ભાસ્કર એસ.ટી.માં કંડક્ટર. ફિક્સ નોકરી, એકાંતરે વહેલી સવારે ધારી-કૃષ્ણનગર ઉપાડવાની, રાત્રે અગિયાર વાગે પરત. એક રાત્રે કોઈનો ફોન આવ્યો. સ્ત્રીનો અવાજ હતો, તેવું લાગ્યું. ભાસ્કર બોલ્યોઃ "કાલે નહીં, ગુરુવારે મારી સાથે આવજે. કાંઇ લાવવાની જરૂર નથી."

નીલા ઊંઘવાનો ડોળ કરતી પડી રહી. ફ્રેન્ડશીપ ડે પર તો કેટલાય ફોન આવતા હોય, કોઈવાર શક પડયો નથી. પૂછશે તો સાચો જવાબ નહીં મળે, તેમ વિચારતી પડી રહી.

બીજા દિવસે પ્રેમપરામાં રહેતા અને ડ્રાઈવર તરીકે સાથે જતા કિશોરભાઈને ત્યાં ગઈ. કિશોરભાઈ તેના કુટુમ્બીભાઈ થાય, તેને વાત કરી. કિશોરભાઈ કહે, "જો બેન, ભાસ્કરને હું ઓળખું છું, બધાં સાથે હસી મજાક કરવાની ટેવ છે, પણ હજી મને શંકા પડી નથી. મારું ધ્યાન આમ પણ બસ હાંકવામાં જ હોય. ગુરુવારે ધ્યાન રાખીશ." ચા-પાણી પીને ઘરે આવી. સગુણાભાભીએ પણ ચિંતા ન કરવા કહ્યું.

કિશોરભાઈનો જાસો સવારથી શરૂ થયો.

અમરેલીથી એક બેન ચડી, જગા નહોતી. તો ભાસ્કરે તેને પોતાની સીટ પર બેસાડી, ટિકિટના પૈસા પણ ન લીધા ! ઢસાથી પોતાની સામેની સીટ પર બેસાડી, આ બધુંયે કિશોરભાઈ કાચમાંથી જોતા હતા. મરક મરક મૂછમાં હસતા હતા.

ભાસ્કર બિલકુલ વાત કરતો નહોતો. કિશોરભાઈને લાગ્યું કે ભાસ્કર ધાર્યા કરતાં વધારે ચાલાક છે. ધોળા જંકશનથી બસ ભરચક થઈ ગઈ. હવે દેખાતું નહોતું, પણ કિશોરભાઈ મનમાં વિચારે કે બેટમજી, કાલે તારી હવા નીકળી જશે.

બસ પાંચ જ કિલોમીટર ચાલી, ટીંબી હોસ્પિટલ આવતાં બેલ મારી, બેન નીચે ઊતરી સાથે ભાસ્કર પણ નીચે ઊતર્યો. નિર્દોષાનંદ હોસ્પિટલમાં મૂકીને તરત પાછો આવ્યો.

હોટેલ પર ચા પીતા પીતા પૂછ્યું, તો કહે, "મને તો નામેય ખબર નથી, અઠવાડિયા પહેલાં આપણી બસમાં અમદાવાદથી આવતી હતી. રડતાં રડતાં બીજી બાઈને કહેતી હતી, થાઈરોઈડ છે, ઓપરેશનનાં નેવું હજાર કીધા, પારકાં કામ કરું છું, કેમ કરવું બેન ? મેં હોસ્પિટલ વિશે સાંભળ્યું હતું, મફતમાં દવા થાય છે. ઓપરેશન પણ મફત કરે છે તો આંગળી ચીંધી."

સવારમાં ચા પીવા કિશોરભાઈ ભાસ્કરને ત્યાં આવ્યા, હસતા હસતા કહે, "બેન આ મારા બનેવી તો પવિત્ર છે", બધી વાત કરી તો નીલા કહે "મને કીધું હોત તો હુંય બિચારી સાથે જાત ને ?"

'સ્પન્દન', યોગીનગર, ધારી-૩૬૫૬૪૦
જિ.અમરેલી, (મો) ૯૪૨૭૨૩૦૨૫૪

**અહંકારનો ત્યાગ એ મોટામાં મોટો ત્યાગ છે. જેણે એ ત્યાગ કર્યો તેણે બીજું કંઈ ત્યાગવાનું રહેતું નથી.**

## ।। ચિંતન ।।

# મર્યાદાને શણગારવી એ સૂક્ષ્મ હિંસા છે.

**મનસુખ સલ્લા**

કેટલાક લોકોને ટેવ હોય છે કે તેઓ પોતાની મર્યાદાનો પણ મહિમા કરેઃ મને તો આમ જ ફાવે.. હું આ ન ચલાવી લઉં... હું તો તડફડ કરી નાખું... મારી સામે કોઈ બોલી ન શકે.. હું કહું એટલે બધા ચૂપ થઈ જાય. આવાં વાક્યો ચારેબાજુ સાંભળવા મળશે. આવાં વાક્યોમાંથી અહંકારની દુર્ગંધ આવતી હોય છે. આવા લોકો પોતાને જગતસમ્રાટ ગણતા હોય છે.

હકીકતે અહંકાર, સર્વોપરિતાનો ખ્યાલ, બીજાને તુચ્છ ગણવા, પોતાની વાત જ સાચી માનવી આવાં વલણો એ મનુષ્ય તરીકે મર્યાદાઓ છે. પરિવારમાં કે હોદ્દાને કારણે કે કામના સ્થળે કે પૈસાને કારણે અમુક જગ્યાઓમાં એમનું સંભળાય પણ ખરું. પરંતુ આવાં વલણો વ્યક્તિત્વનું વામણાપણું સૂચવે છે.

મર્યાદાઓને શણગારીને વર્તતા લોકો સૌથી વધુ તો જાતનું અપમાન કરતા હોય છે. કારણ કે મનુષ્ય તરીકે એમનો વિકાસ અટકી ગયો હોય છે. બીજાને હલકા, તુચ્છ, નકામા કે નગણ્ય ગણનાર વ્યક્તિમાં જીવનનું બહુ સંકુચિત દર્શન હોય છે. તેઓ નથી જાણતા કે તેઓ જાતની કેદમાં પુરાઈ ગયા છે. તેમને તમામ બાબતના કેન્દ્રમાં પોતાની જાતને મૂકવાનું ગમતું હોય છે. એટલે પત્ની, માતપિતા, સંતાનો, પડોશીઓ, સાથીદારો, હાથ નીચેના માણસોને અપમાનિત કરવા, ઉતારી પાડવા, તેમનું સાંભળવું નહિ, તેમને દાબમાં જ રાખવા, પોતાનો કક્કો જ ખરો ગણવો એ વિકૃત થયેલો અહંકાર છે. ભારતીય દર્શનમાં તો નાની કીડીને પણ ઊતરતી નથી ગણી. જીવો જ નહિ, નિર્જીવ પદાર્થોની પણ કાળજી લેવાનું કહેવામાં આવ્યું છે. રાવણ એના યુગનો મોટો તપસ્વી હતો, મહા પંડિત હતો, અનેક વિદ્યાનો જાણકાર હતો. પણ તેનો અહંકાર અત્યંત વિકૃત હતો. (એટલે પ્રતીકાત્મક રીતે કહેવાયું કે તેને દસ માથાં હતાં. તેનામાં દસ માથાં જેટલો અહંકાર હતો.) તેણે કોઈનું સાંભળ્યું નહિ. પરિણામે સોનાની લંકા રોળાણી. આવા નાના-મોટા અહંકારીઓ ચારેબાજુ જોવા મળશે.

આવા લોકો પોતાની મર્યાદાને રંગરોગાન કરીને તેઓ જેવા નથી, તેવા દેખાવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એમનો મહિમા અલ્પકાલીન હોય છે. તાંબુ અને સોનાનો ભેદ આખરે સ્પષ્ટ થઈ જતો હોય છે. વળી આવાં વલણોમાંથી સમજવા જેવું એ છે કે સાથેનાઓ માટે આ એક પ્રકારની હિંસા છે. આમાં માણસનો શસ્ત્રથી વધ કરવામાં નથી આવતો, પરંતુ ધન, સ્થાન કે બુદ્ધિથી વધ કરવામાં આવે છે. સામો માણસ જીવતો તો રહે છે. પણ એનાં સન્માન, ગૌરવ અને આત્મવિશ્વાસ હણાય છે. એ ઘણી મોટી હિંસા છે. આવી હિંસા દરેક યુગે જેઓ ફાવી ગયા છે તેઓ કરતા હોય છે. કારણ કે તેમને પોતાની જાત સિવાયનું કશું દેખાતું નથી, અગત્યનું લાગતું નથી. પરંતુ તેઓને દેખાતું નથી કે સ્વકેન્દ્રિતા એ મનુષ્ય જીવનનો મહાશાપ છે.

આવા સ્વકેન્દ્રિતાવાળા મનુષ્યોને જોઈ પારખીને આપણે ધડો લેવા જેવો હોય છે કે અહંકાર, ઈર્ષા, દ્વેષનો જન્મ સ્વકેન્દ્રિતામાંથી થાય છે. સ્વકેન્દ્રિતા એવી કેદ છે જેને માણસે પોતે રચેલી હોય છે, પણ ઓળખી શકતો નથી. એટલે આવી વ્યક્તિઓ સુખને ધન, પદ, પ્રતિષ્ઠાના માધ્યમથી જ જુએ છે. પરંતુ આ કેદમાંથી મુક્ત થવું એ જ મનષ્ય તરીકેનો સાચો વિકાસ છે.

આપણે જ્યારે જાતમાં પુરાઈ ન રહેતાં, અન્ય માટે સંવેદનશીલ બનીએ છીએ, તેમની કાળજી લઈએ છીએ. તેમની પીડા ઓછી કરવા પ્રવૃત્ત થઈને છીએ ત્યારે જીવનનું ઉર્ધ્વીકરણ થાય છે. એમાં મનુષ્ય જીવનની સાર્થકતા છે. મર્યાદાને શણગારીને એમાં રાચવું એ તો પોતાના વ્યક્તિત્વને ઠીંગરાવી દેવા જેવું છે. ભલે દુનિયાદારીની દૃષ્ટિએ એની કિંમત હોય, પણ એ ગૌરવ લેવા જેવી સ્થિતિ નથી. અનેક કારણોસર મનુષ્યને મર્યાદાઓ વળગેલી હોય છે. એ મર્યાદાઓમાંથી મુક્ત થવું, સૌનો વિચાર કરતાં થવું, સૌની કાળજી લેવી એ મનુષ્ય હોવાના ખરો પુરુષાર્થ છે, વિકાસ છે.

---

પૂર્વ આચાર્ય,
સી-૪૦૩, સુરેશ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩
Email: mansukhsalla.@gmail.com

 ISSN 0976-9609

## ।। નિબંધ ।।

## રૂપેણ કાંઠાની રસોઈ

**પ્રવીણ ગઢવી**

પંજાબી, ચાઈનીઝ, ઈટાલિયન, મેક્સિકન, થાઈ, મોરોક્કન રસોઈઓ વિશ્વવિખ્યાત છે. વિદેશ પ્રવાસ કરતા ભારતીયોને વિશ્વભરમાં પંજાબી મળી રહે. અલબત્ત, આપણા ગુર્જુભાઈઓ તો જ્યાં જાય ત્યાં ગુજરાતી, કાઠિયાવાડી થાળી કે ખાખરા-થેપલાં-ફાફડા-ગાંઠિયા-ખમણ-ઢોકળાં-પાત્રા શોધવામાં હરવા-ફરવા કરતાં વધુ સમય બગાડે !

ગુજરાતમાં સૌથી વધુ વિખ્યાત કાઠિયાવાડી થાળી છે. હાઈવે પર ઠેર ઠેર કાઠિયાવાડી હોટલ-ઢાબા જોવા મળે. હવે ગુજરાતી થાળી તો શહેર વચ્ચે આવેલી લોજમાં જ સામાન્યતઃ મળે છે. હાઈવે પર ભાગ્યે જ જોવા મળે. ગુજરાતીઓ ગુજરાતમાં હોય ત્યારે ગુજરાતી થાળી ન જમે, પરંતુ કલકત્તા, મદ્રાસમાં ગુજરાતી થાળી શોધે ! હવે તો આપણા લગ્ન સમારંભોમાં પણ ગુજરાતી થાળી રહી નથી. પંજાબી દાળ, પનીર જ જોવા મળે છે. ગુજરાતીઓને ગુજરાતી થાળી માટે કે ગુજરાતી ભાષા માટે સહેજે પ્રેમ રહ્યો નથી ! અફસોસ !

સુરત બાજુ જઈએ તો ઊંધિયું-જલેબી-ભૂસું-ખમણી-લોચો જોવા મળે. કાશીનું મરણ અને સુરતનું જમણ કહેવત છે, પરંતુ કયાંય સુરતી ઢાબું જોવા મળતું નથી. ! વલસાડમાં ચોમાસા-શિયાળામાં ઊંબાડિયું મળે. પરંતુ ઉત્તર ગુજરાતની રસોઈ તો કયાંય જોવા ન મળે. અમદાવાદથી ઉત્તરમાં આબુ તળેટી, પૂર્વમાં અરવલ્લી અને પશ્ચિમમાં કચ્છનું રણ - એ વચ્ચેનો પ્રદેશ ઉત્તર ગુજરાત કહેવાય. તેમાં ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ થાય.

અમદાવાદ-ગાંધીનગર, ઉત્તર ગુજરાતના શહેર જ ગણાય. પરંતુ તે તો મેટ્રોપોલિટન જેવાં હોવાથી થાઈફૂડ પણ મળે અને મોરક્કન ફૂડ પણ મળે. પરંતુ ઉત્તર ગુજરાતની રસોઈનું કોઈએ નામ પણ નહીં સાંભળ્યું હોય.

મીઠાઈથી શરૂઆત કરીએ તો બ્રાહ્મણોને ત્યાં લાડુ, ગઢવી-ગરાશિયાને ત્યાં લાપસી, પટેલોને ત્યાં શીરો, રબારીને ત્યાં ખાજાં, મુસ્લિમોને ત્યાં મલીદો, ઠાકોરોને ત્યાં માલપુઆ-સુખડી, એમ જ્ઞાતિવાર મીઠાઈઓ વારે-તહેવારે થાય. બ્રાહ્મણોને લાડુ સાથે દાળનો સબડકો ગમે, તો પટેલોને મગ અને શીરો બહુ ભાવે. પહેલાં તો લગ્નોમાં એ બે જ બનતાં અને પટેલો ધરાઈને ખાતા. બારેમાસ કાળી મજૂરી વચ્ચે ઉનાળામાં એનો જ આનંદ. મારા મહોલ્લાના એક પટેલ ડાયાબિટીસના દર્દી હતા. લોકોએ ના પાડી તોય ધરાઈને શીરો ધફેડ્યો અને બીજે દિવસે ગુજરી ગયા !

રબારીના લગ્નમાં મોળાં ખાજાં મળે. એને ભાંગીને ઉપરથી ઘી અને બૂરુ ભેળવી ખાવામાં આવે. ગઢવી-ગરાશિયામાં વારે-તહેવારે, લગ્નોમાં અને મહેમાન આવે ત્યારે લાપસીનાં આંધણ જ મૂકાય.

બનાસકાંઠાના થરાદમાં હું ડેપ્યુટી કલેક્ટર હતો ત્યારે પ્રવાસમાં પટેલોને ત્યાં જમવાનું થાય તો એક તાંસળીમાં ઘીમાં ડૂબાડૂબ ગોળનો ભૂકો આપે અને બીજી તાંસળીમાં ખાટા-તીખા મગ. થાળીમાં ઘીથી લથબથ બાજરીનો રોટલો. યજમાન એક રોટલો તો ઘી-ગોળમાં ભાંગી નાખી, ચોળીને પહેલાં ખાઈ જાય. પછી બીજો રોટલો મગમાં ચોળીને ખાય. ઉપર લોટો ભરીને છાશ પીએ !

મારું ગામ મોઢેરા. એની ઉત્તરે પુષ્પાવતી અને દક્ષિણે રૂપેણ નદી વહે છે. એને હું રૂપેણકાંઠો કહું. હવે રૂપેણ કાંઠાની રસોઈ માણીએ.

મારા બાપુજી મીઠાઈના બહુ શોખીન હતા. લાપસી તો અવારનવાર બનતી. પરંતુ એ મોળી લાપસી રખાવે. ઉપર ઘી રેડી, બૂરુથી ઢાંકી દઈ પછી

ચોળીને ખાય. મને એમાં મજા ન આવે, એટલે બૂરાવાળી ઉપર ઉપરની લાપસી ઝાપટી જાઉં ! એમને માલપુડા પણ બહુ ભાવતા. અમારે ઘરમાં મોટી છાછર - ફ્રાયપેન હતી. તેમાં ઘી કે તેલમાં માલપુડા તળાતા. મોઢેરામાં સાધુ-બાવા આવે તો 'કાલી રોટી ધોલી દાળ' એમ બોલે અર્થાત્ માલપુડા અને ખીર માંગે ! ઘરે ચાર-પાંચ ભેંસો હતી એટલે અવારનવાર ખીર બનતી. ક્યારેક દૂધપાક, એમાં જાયફળનો નશો ! લાડુ ઉપર ખસખસનો નશો ! બ્રહ્મભોજનમાં લાડુ, વરાની દાળ, ભાત, બટાટાં કે વાલનું શાક હોય. વરામાં ઔદિચ્ય બ્રાહ્મણો જમવાની શરૂઆત કરતા પહેલાં અપૂશણ અર્થાત્ થોડી દાળ અને ભાત લે. ઉપર ડોકલી ઘી પહેલાં ખાય. કદાચ સિદ્ધરાજના નિમંત્રણથી ઉત્તરમાંથી આવેલા એટલે દાળ-ભાત ખાવાની ટેવ હશે, તેથી આ પ્રથા ચાલી હશે. ઉત્તર ગુજરાતમાં તો ચોખા પાકે જ નહિ. એટલે વારે-તહેવારે જ દાળ-ભાત થાય. બોળચોથને દિવસે ગળ્યા ભાત (ગોળ મિશ્રિત) બને. બાકી બાજરી મુખ્ય ખોરાક. હવે ઘઉંની રોટલી આવી ગઈ છે. બ્રાહ્મણ કુટુંબનાં હીરામા જ્યારે રોટલી ખાય ત્યારે આજે તો સુંવાળી ખાધી એમ ગૌરવથી કહેતાં ! એમાં વળી દૂધે બાંધેલી દશમી ખાય ત્યારે તો અહો અહો ! મારી બાનું પિયર પાનસર. ત્યાંથી ઘઉં લેતી આવે અને રોટલી સાથે અડદની દાળ ખાય તો અમને નવાઈ લાગે. અડદની દાળ સાથે તો બાજરીનો રોટલો જ ભળે. અમદાવાદ આવ્યા પછી ભાભીના હાથની રોટલી ખાતાં હું શીખ્યો !

વેડમી મૂળ મહારાષ્ટ્રની. સાંભળ્યું છે કે ગાંધીજીને બહુ ભાવતી. કસ્તૂરબાની હાથની આઠ-દસ વેડમી ખાઈ જતા. મારા બાપુજી પણ વેડમીને અવારનવાર યાદ કરે. તુવેરની બાફેલી દાળમાં ગોળ, ઈલાયચી ભેળવી બા માવો તૈયાર કરે અને બે રોટલી વચ્ચે વણી શેકે. પછી ઘીમાં તરબોળ. ગાંધીઆશ્રમ, વર્ધામાં સરસ વેડમી ચાખેલી.

સુખડી ઠાકોરોની, પરંતુ પટેલો પણ સુખડી બનાવે. તેને માતર કહે. મારી બા પણ કડક સુખડી બનાવતી. ઘઉંના લોટની સુખડીથી પોચી બરફી પણ મને ખૂબ ભાવતી તે દિવાળી પર ખાસ બને. નાગપાંચમના દિવસે બાજરીના લોટમાં ઘી-ગોળ ભેળવી કુલેર બને. તેમાં બાજરીના કાચા લોટનો સ્વાદ ગમતો. રાંધણ છઠે બાજરીવડાં. સાતમે ઢેબરા-છૂંદો. આઠમે ઉપવાસ-ફરાળ અને નોમે લચપચ લાડુ !

ઉનાળામાં સૌ નવરાં હોય ત્યારે મારી બા પાટલાની પાંગતે લાકડાનું લાંબું પાટિયું ગોઠવી તેની ઉપર બેસે, પછી ઘઉંના લોટની સેવ વણે. અમે નીચે બેઠાં સારવીએ અને તેનું ગોળ ગોળ ગૂંચળું બનાવીએ. પછી તેને સૂકવવામાં આવે અને ચોમાસામાં બાફીને એમાં ઘી-બૂરુ નાખી ખાવામાં આવે. મારો પુત્ર આસન નાનો - તે ગીતાને કહે, 'મમ્મી, મોઢેરાની બાવાળી મેગી બનાવને !' ચીન રોટલી-બ્રેડને બદલે સેવ જ ખાય છે તે તો પછી ખબર પડી.

તો આમ, ઉત્તર ગુજરાતમાં રૂપેણકાંઠામાં લાડુ, લાપસી, કંસાર, શીરો, ખીર, દૂધપાક, શિખંડ, ઘી-ગોળ, આદિ મુખ્ય લોકપ્રિય મીઠાઈઓ ગણાય. હા, પાટણનાં દેવડાં વિખ્યાત, પરંતુ તે એક જાતનાં ખાજાં જ છે.

હવે દાળ-શાક. ઉત્તર ગુજરાતમાં પહેલાં તો શાકભાજી બહુ થોડાં થતાં. બટાટા-ડુંગળી-રીંગણ-ભીંડા મળતાં. ખેડૂતો તો ખેતરમાં કાળિંગડાં, કંકોડાં એવું વીણતા આવે. ચોમાસામાં અમારા વાડાની વાડે પણ કંકોડા બહુ થતાં, તેનું તેલમાં તરબોળ તીખું શાક અને બાજરીનો રોટલો, ઉપર છાશ મને બહુ ભાવતાં, આજેય ભાવે છે. વાડામાં બાપુજી ભીંડા પણ વાવે. કૂણા કૂણા ભીંડા કાચા અને કાચા અમે ભચડી જતા. દહીં નાખેલું ભીંડાનું શાક કે ભીંડાની કઢી બહુ બનતી. તે પણ પ્રિય.


ISSN 0976-9609

મોટાભાઈને રીંગણનું શાક બહુ ભાવે. અમદાવાદ ભણતા. ત્યાંથી આવવાના હોય ત્યારે બા વાઘરીની વાડીનાં તાજાં રીંગણ મંગાવે. તેનું પણ તેલમાં જ લસણ-મરચું નાખેલું શાક બનતું. તેય રોટલા, દહીં, છાશ સાથે ખવાતું. 'રમૈયા વસ્તાવૈયા, રીંગણ તો મોંઘાં થયાં,' એવું કંઈ ગીત બનાવી મોટાભાઈ ગાતા. દલા તરવાડીનાં રીંગણાંની વાર્તા મને તેમણે કહેલી. જે મારા જીવનની પહેલી વાર્તા હતી. મારા પૌત્રોને પણ આ વાર્તામાં બહુ મજા પડતી.

ઉત્તર ગુજરાતમાં શાક કરતાં દાળ-કઢીનો મહિમા વધુ. અવારનવાર મગ-અડદની દાળ બને. એમાં બાપુજી ડોકલી ઘી રેડે. ઉપર લસણ-મરચાંની છૂંદેલી ચટણી નાખે અને રોટલો ચોળીને ખાય. પછી લોટો છાશ તો ખરી જ ! ખાટા મગ અને મગની કઢી પણ બનતી. મારાં નાનીમા તો શક્કરિયાંની કઢી બનાવતાં ! ભીંડા, રીંગણ, બટાટાં, ડુંગળી, મગ વગેરે નાંખી બા સ્વાદિષ્ટ કઢી બનાવતી. કઢીમાં બાજરીનો લોટ જ રહેતો. કઢી-રોટલો ચોળી ખાઈએ તેને ખીચો કહેતાં. બનાસકાઠાંની કઢી ખાટી હોય, મહેસાણાની ગળી. જો કે ગરાશિયા ખાટી કઢી ખાતા. અડદની જેમ મગની દાળ પણ બહુ બને. ઉત્તર ગુજરાતમાં ચણા ન પાકે, પરંતુ ચોળા પાકે. બાપુજી ચોળા અને બાજરીના લોટનાં વડા બાફી એમાં મીઠું, મરચું, લસણ નાખી ઉપર તલનું તેલ નાખી ચોળીને ખાતા. તેનું નામ ચોળા ઢોકળી. તલ ઘરે પાકતા. અંબારામ ઘાંચી પાસે બાપુજી તેલ કઢાવી લાવતા. તલનું તેલ જ અમે ખાતા. સૌરાષ્ટ્રમાંથી મગફળીનું તેલ સિંગતેલ આવ્યું ત્યારે મોઢેરાના લોકોને તેનાથી ઉધરસ થઈ જતી !

તુવેર પણ થતી. તુવેરની દાળ પણ અવારનવાર બનતી. તુવેરની દાળ ગળચટી હોય, અડદની દાળ ખારી હોય. તુવેરની દાળ બને ત્યારે સાથે ભાત બનતા. અમદાવાદ આવ્યા પછી તો રોજ ભાભીના દાળ-ભાત ખાતો થયો. મોટાભાઈ બહેનોને દાળ-ઢોકળી પ્રિય. આખી તપેલી પૂરી કરતાં !

ખીચડી ઉત્તર ગુજરાતની ફ્લેગ ક્વિઝીન કહેવાય. લગભગ રોજ ફોતરાવાળી મગ-ચોખાની ખીચડી બને. સાથે કઢી હોય. કયારેક દૂધ. પરંતુ અમારો પાડોશી સોની પરિવાર ખીચડી અને ચા ખાય, તેની અમને નવાઈ લાગતી અને હસવું પણ આવતું.

બાપુજીને ઘેંસ પણ ખૂબ ગમતી. અવાર-નવાર ચણાની કે કણકીની ઘેસ બનતી. છાશમાં ચેણો-કણકી ઉકાળો એટલે ઘેંસ તૈયાર. ગરીબ વસવાયાં તો ઘેંસ અને શેકેલું મરચું ખાય, પણ અમે ઘેંસ-દૂધનું વાળું કરતાં. બાપુજી દરેક શાક-દાળ-કઢી-ખીચડી-ઘેંસમાં ડોકલી ઘી તો રેડે જ !

આ બધી વાનગીઓ તો ખાધે-પીધે સુખી લોકોની, પરંતુ પછાત-ગરીબ વસવાયા લોકો તો લસોટવાના પથ્થર પર પાણી રેડી, તેમાં મરચું લસોટી નાખતા. તે ચટણી અને રોટલો તો કયારેક ડુંગળી, લીલું મરચું અને સાથે કેસરમાની છાશ ! આ જ એમનું લંચ કહો કે ડિનર ! હવે શાક પાંદડું ખાતાં થયાં છે.

ગુજરાત શાકાહારી ગણાય છે, પરંતુ તે ભ્રામક માન્યતા છે. રાજપૂતો, ઠાકોરો, ઈતર કોમો, દલિત, આદિવાસીઓ, મુસ્લિમોની વસતી ભેગી ગણીએ તો તે અરધોઅરધ થાય. તે સર્વ પ્રસંગોપાત માંસાહારી છે.

પહેલાં ઠાકોરો સસલાં-તેતરનો કાતોરથી શિકાર કરતા. હવે બંધ થયું છે. સસલાં-તેતર પણ રહ્યાં નથી. પણ ઠાકોરો, ગરાશિયામાં બકરાનું શાક ખવાય છે. આખો મહોલ્લો ફાળો કરી બકરો લાવી, રાંધે અને પછી દેશી દારૂના લોટા સાથે ખાય, તેને

'ગોઠ' કહેવાય ! મુસ્લિમોમાં મચ્છી-મુરગીનું ચલણ માંસ કરતાં વધારે. તો આ હતી ઉત્તર ગુજરાતની, રૂપેણકાંઠાની રસોઈ. ગીતા સાસુ પાસેથી બધી વાનગી શીખી ગઈ છે. અઠવાડિયે એકવાર તો રોટલો કઢી-દાળ હોય. સાદી કે વઘારેલી ખીચડી તો રોજ. એકવાર મેં કહ્યું, 'ગીતા' ચાલ, નિવૃત્તિ પછી આપણે સૂર્યમંદિરના પ્રાંગણમાં 'રૂપેણ કાંઠાની રસોઈ' એવું રેસ્ટોરાં શરૂ કરીએ, સરસ ચાલશે !'

આઈ.એ.એસ.
આસવલોક, ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રીમંદિર પાછળ,
ગાંધીનગર-૩૮૨૦૦૭ (મો) ૯૯૭૯૮૯૩૯૯૦

## ।। વિદ્યાવૃત્ત ।।

### વી.પી.સાયન્સ કોલેજમાં વીર વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળા યોજાઈ :

ચા.વિ.મંડળ સંચાલિત વી.પી.સાયન્સ કોલેજમાં વીર વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે મેમોરિયલ વ્યાખ્યાન ગોલ્ડન જ્યુબિલી ફંડના નેજા હેઠળ કોલેજના મધ્યસ્થ હોલમાં મુખ્ય મહેમાન પ્રિન્સિપાલ ડો. હિતેશ પટેલ, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સ.પ.યુનિવર્સિટી તથા ચા.વિ. મંડળના માનદ મંત્રી ડો.એસ.જી.પટેલ, માનદ સહમંત્રી, શ્રી આર.સી.તલાટી, પ્રિન્સિપાલ પિયુષ લશ્કરી, ડો.પી.એમ. પટેલ, આર.પી.સોલંકીની ઉપસ્થિતિમાં વ્યાખ્યાન યોજાઈ ગયું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રિન્સિપાલ પિયુષ લશ્કરીએ મહેમાનોનો સ્વાગત પ્રવચનમાં પરિચય કરાવ્યો હતો. ચારુતર વિદ્યામંડળ તેમજ વલ્લભવિદ્યાનગરની પહેલી વહેલી મૂળભૂત સંસ્થા વિઠ્ઠલભાઈ પટેલ મહા વિદ્યાલયનું નામ કે જે લોખંડી પુરુષ સરદાર પટેલના જ્યેષ્ઠ બંધુ સાથે જોડાયેલું છે. તેઓની જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે આ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે.

એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સ. પ. યુનિવર્સિટીના પ્રિન્સિપાલ ડો.હિતેશ પટેલે વીર વિઠ્ઠલભાઈ પટેલના જીવન-કવનની વિસ્તારપૂર્વક સમજ આપી હતી. તેમજ ઈમોશનલ ઈન્ટેલિજન્સ પર પણ વ્યાખ્યાન આપ્યું હતું.

ચા.વિ.મંડળના માનદમંત્રી ડો.એસ.જી. પટેલે વીર વિઠ્ઠલભાઈ પટેલના નામ સાથે જોડાયેલ આ કોલેજમાં અભ્યાસ કરવા બદલ વિદ્યાર્થીઓને નસીબદાર ગણાવ્યા હતા. વીર વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળાનું આયોજન થાય છે અને તે અવિરત વહેતી રહી છે. તે ખૂબ જ આનંદની વાત છે.

ચા.વિ.મંડળના અન્ય પદાધિકારીઓ, જુદી જુદી કોલેજોના આચાર્ય, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ, ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ આર.પી. સોલંકીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. ક્રિષ્ના આચારી અને નિહાર ભટ્ટે કર્યુ હતું.

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર, પ્રાથમિક વિભાગનું ગૌરવ :

સી.આર.સી. કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં દેવશ્રીબેન પંડ્યા અને પારૂલબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શાળાની ત્રણ કૃતિઓ રજૂ કરવામાં આવી. જેમાં વિભાગ-૧-આરોગ્યમાં આરોગ્યવર્ધક અનાજ અને વિભાગ-૨-પર્યાવરણ માટેની જીવનશૈલીમાં કાર્બન મુક્ત વાતાવરણ અને વિભાગ-૪ પ્લાસ્ટિક રોડ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવી. જેમાંથી બે કૃતિઓએ તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. શાળાના આચાર્યાશ્રી જિગીશા શાહે માર્ગદર્શક શિક્ષકો તથા કૃતિ તૈયાર કરનાર વિદ્યાર્થિની બહેનોને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.


ISSN 0976-9609

**|| આચમની ||**

## આર.કે.નારાયણના સર્જન સાહિત્યમાં વર્ણિત બાળવિશ્વ

**રાજેન્દ્ર ઠાકર**

પ્રિય વાચકો, તમે વર્ષ ૧૯૬૫માં રજૂ થયેલી દેવઆનંદ તેમજ વહીદા રહેમાન દ્વારા અભિનિત ફિલ્મ 'ગાઈડ' તેમજ દૂરદર્શન પર ૧૯૮૬ માં આવેલી સિરિયલ 'માલગુડી ડેઝ' જોઈ હશે. તેના લેખક આર.કે.નારાયણ વિશે આજે આપણે વાત કરીશું.

આર. કે. નારાયણનો જન્મ ૧૦ ઓકટોબર, ૧૯૦૬માં દક્ષિણ ભારતના મૈસુર નજીકના ચેન્નાપટના કસ્બામાં થયો હતો. પિતા રસિપુરમ વેંકટરામા ક્રિષ્ણાસ્વામી ઐયર અને માતા જ્ઞાનાબાલના જીવિત આઠ સંતાનોમાં તેઓ ત્રીજું સંતાન હતા. પ્રખ્યાત કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણ તેમના મોટાભાઈ હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ તેમજ ગ્રેજ્યુએશન મૈસુરમાં પ્રાપ્ત કર્યુ હતું.

તેમના સમકાલીન લેખકોમાં મુલ્કરાજ આનંદ (૧૯૦૫-૨૦૦૪) તેમજ રાજારાવ (૧૯૦૮-૨૦૦૬) હતા. આર.કે.નારાયણ સહિત આ ત્રણેની ત્રિપુટી સાહિત્ય સર્જનમાં મોખરે હતી. આ ત્રિપુટી માટે સરળતાથી એમ કહી શકાય કે, તેમણે અંગ્રેજી નવલકથા સાહિત્યમાં ધોરણો સ્થાપિત કર્યા, કથાવસ્તુનો ઢાંચો તૈયાર કર્યો, પાત્રોના પ્રથમ મોડેલને દોર્યા તેમજ ભારતીય અંગ્રેજી નવલકથા સાહિત્ય વિશે સવિશેષ ધ્યાન આપી, વિગતવાર માળખું તૈયાર કર્યુ. મુલ્કરાજ આનંદ સામાજિક સુધારણાના હિમાયતી હતા. રાજારાવ આધ્યાત્મિક કવિ હતા, તો આર.કે.નારાયણ ફકત એક નવલકથાકાર હતા.

પશ્ચિમી આર્ટ ફોર્મમાં લખવા છતાં, નારાયણ વાર્તાકથનની ભારતીય સાહિત્યની પ્રાચીન શૈલીને અનુસરે છે. 'ધ ગાઈડ' સિવાયની બધી જ નવલકથાઓ સીધીસાદી રીતે વર્ણિત કરી છે. તેમના પ્લોટ કયારેય જટિલ ન હતા. તેમના સાહિત્યમાં કયાંય ક્ષોભજનક, ઉત્તેજક કે ચમકાવનારું લખાણ જોવા મળતું નથી. દરેક પરિવારજન વાંચી શકે તેવી મધ્યમ વર્ગના પાત્રોને ધ્યાનમાં રાખી લખાયેલ નવલકથાઓ સમાજમાં ખૂબ જ લોકપ્રિય નીવડી.

આર.કે.નારાયણના સાહિત્ય સર્જન વિશે વિગતવાર જોઈએ તો, 'સ્વામી એન્ડ ફ્રેન્ડઝ' (૧૯૩૫), 'ધ બેચલર ઓફ આર્ટસ' (૧૯૩૭), 'ધ ડાર્કરૂમ' (૧૯૩૮), 'ધ ઈંગ્લિશ ટીચર' (૧૯૪૫), 'માલગુડી ડેઝ' (૧૯૪૨) સહિત બાળકો પર આધારિત છ વોલ્યુમ (૧૯૪૨), 'એન એસ્ટ્રોલોજર' (૧૯૪૭), 'ધ ફાઈનાન્સિયલ એક્ષપર્ટ' (૧૯૫૨), 'વેઈટિંગ ફોર મહાત્મા' (૧૯૫૫), 'ધ ગાઈડ' (૧૯૫૮), 'ધ વેન્ડોર ઓફ સ્વીટ્સ' (૧૯૬૭), 'એ હોર્સ એન્ડ ટુ ગોટ્સ' (૧૯૭૦), તેમજ છેવટે પોતાની આત્મકથા, 'માય ડેઝ' (૧૯૭૪) સહિત ડઝન ઉપરાંત નવલકથા સાહિત્યનું સર્જન કર્યુ. (સાભારઃ વિકિપીડિયા)

જેન ઓસ્ટિન (૧૭૭૫-૧૮૧૭)ની જેમ આર. કે. નારાયણે 'ટૂંકા-ટૂંકા સ્વરૂપો' ઉપર કામ કરીને, મહાનતા પ્રાપ્ત કરી હતી. તેમના 'ટૂંકા-ટૂંકા સ્વરૂપો' ('two inches of ivory') દક્ષિણ ભારતના એક લાક્ષણિક કસ્બા માલગુડીના છે. જે સંપૂર્ણ કાલ્પનિક નામ છે, છતાં વાચકોને તે વાસ્તવિક તેમજ વૈશ્વિક ગામ લાગે છે. તેમનો જન્મ તેમજ ઉછેર દક્ષિણ ભારતમાં થયો હતો. તેમણે ત્યાં જ શિક્ષણ લીધું હતું અને એક લેખક તરીકે તેમને નામના ન મળી ત્યાં સુધી તેઓ પોતાના વિસ્તારની બહાર ગયા ન હતા.

નારાયણ એક મધ્યમવર્ગીય વ્યક્તિ હતા. તેમણે આ જ વર્ગ માટે તેમજ આ વર્ગ સમજી શકે તેવા સરળ અંગ્રેજીમાં પોતાનું કથન કર્યુ છે. તેમના બધાં પાત્રો પણ આ જ વર્ગમાંથી આવે છે. ઉચ્ચવર્ગીય તેમજ નિમ્નવર્ગીય પાત્રો તેમની હદની બહાર હતા. તેમનાં પાત્રો રૂઢિચુસ્ત મધ્યમવર્ગીય વ્યક્તિઓનાં લાક્ષણિક પાત્રો છે.

વાસ્તવિકતા એ નારાયણની નવલકથાઓની ધ્યાન ખેંચતી ગુણવત્તા છે. દરેક વ્યક્તિને તેમની નવલકથા વાંચતાં એમ લાગે છે કે, તે પોતાનું વાસ્તવિક સ્વરૂપ વાંચી રહ્યો છે; જોઈ રહ્યો છે. મધ્યમવર્ગીય પરિવારોને નારાયણે ખૂબ જ નજીકથી, બારીકાઈથી તેમજ ઊંડાણથી નીરખ્યા છે. રૂઢિચુસ્ત પરિવાર તરફ તેમણે કટાક્ષ કર્યો છે.

**આર. કે. નારાયણનું લાક્ષણિક બાળવિશ્વ**

બાળકોના રેખાચિત્રો ઉપસાવવામાં નારાયણની કલમ માહેર છે. ચાર્લ્સ ડિકન્સ (૧૮૧૨-૧૮૭૦)ની જેમ પત્રકારિત્વમાંથી કલ્પિત સાહિત્ય સર્જન (ficition)ના વિશ્વમાં આવ્યા. તેથી તેઓ ચોક્કસ નિરીક્ષણની કુદરતી બક્ષિસ ધરાવે છે. તેઓ લોકો, દશ્યો અને ઘટનાઓનું ભરોસાપાત્ર વર્ણન કરે છે. ડિકન્સની જેમ નારાયણ પણ લોકો અને દશ્યોને રચવામાં એટલા સફળ રહ્યા છે કે, વાચકો તેનો ખ્યાલ બાંધી શકે છે, તેની કલ્પના કરી શકે છે.

નિઃસંદેહ રીતે, નારાયણ બાળકોનાં રેખાચિત્રો ઉપસાવવામાં તેમજ કેટલાંક પાત્રોમાં બાળપણમાં પરિપક્વતા ધરાવતા વર્ણવવામાં તેઓ ઉત્કૃષ્ટ નિવડ્યા છે. તે ખરેખર પુરાવો છે કે, નારાયણે પોતાના બાળપણને ઊંડે સુધી અન્વેષિત કર્યુ છે. નારાયણની શરૂઆતની નવલકથાઓ જેવી કે ‘‘સ્વામી એન્ડ ફ્રેન્ડસ", ‘‘ધ બેચલર ઓફ આર્ટસ", અને ‘‘ધ ઈંગ્લિશ ટીચર"માં તેમણે પોતાના બાળપણને ચિત્રિત કર્યુ છે. તેમની નવલકથાઓમાં બાળકોને ચિત્રિત કરવામાં નારાયણના પોતાના અનુભવો કામે લાગ્યા છે, કે જે તેમના મનમાં ઊંડી છાપ છોડી ગયા છે. સ્વામી, બાલુ અને રાજુની જેમ નારાયણ પણ પોતાની શાળાને તિરસ્કારતા હતા; અને શાળામાં દાખલ થવાના પ્રથમ દિવસે રડ્યા હતા. નારાયણની નવલકથાના બાળકો તેમજ તેમનો સ્વભાવ પ્રમાણભૂત (aunthetic) તેમજ વાસ્તવિત લાગે છે, જે નારાયણની બાળકોના સ્વભાવને પારખવાની ઊંડી સૂઝ દર્શાવે છે. તેને કારણે જ નારાયણ બાળકોનાં રેખાચિત્રો ઉપસાવવામાં આટલા સફળ નિવડ્યા છે.

નારાયણની નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ તેમજ તેમની આત્મકથામાં પણ બાળકોની રમતો, ખીખી કરવું, તોફાનો કરવા વગેરે નિર્દોષ રીતે આપણને જોવા મળે છે. ‘માલગુડીઝ ડેઝ’માં સીમીનાથન, વર્ગનો મોનિટર સોમુ, હંમેશાં સારાં કાર્યો કરતો મણિ, વર્ગમાં સૌથી વધુ બુદ્ધિશાળી છોકરો સંસ્કાર, વટાણા જેવો સેમ્યુઅલ તેમજ નવાગંતુક રાજમ બાળકોના વિવિધ સ્વભાવને રજૂ કરતા પ્રતિનિધિરૂપ બાળપાત્રો છે. તેવી  રીતે ‘ધ ડાર્કરૂમ’માં બાબુ, કમલા અને સુમતિ, “ધ ફાઈનાન્સિયલ એક્ષપર્ટ”માં બાલુ, “ધ ગાઈડ”માં બાળક રાજુ તેમજ “ધ મેનઈટર ઓફ માલગુડી”માં બાબુના રેખાચિત્રો બાળસ્વભાવને ચિત્રિત કરે છે.

બાળકોનાં રેખાચિત્રો સર્વસામાન્ય છે, કારણ કે, બાળકોની કલ્પનાઓ, તર્ક, કાર્યકારણના સંબંધ અને જ્ઞાનની ઉપર હોય છે. બાળકોની કલ્પનાઓ, શક્યતાઓ અને સંભાવનાના પ્રશ્નોની ચિંતા કરતી નથી. બાળકો સમજનો દરિયો છે.

બાળકોના તોફાની સ્વભાવને વર્ણવવાની સાથે સાથે નારાયણે બાળકોની સરળતા તેમજ મૂર્ખતા (Stupidity)ને પણ બાળકના એક સ્વભાવ તરીકે વર્ણવી છે. જે ‘સ્વામી એન્ડ ફ્રેન્ડસ’માં જોવા મળે છે.

ઘણુંખરૂં બાળકો અભ્યાસમાં કે ગૃહકાર્યમાં અનિચ્છા, અરુચિ દર્શાવતા હોય છે, જે દેશ, વર્ગ કે ધર્મની બાધ સિવાય પૂરા વિશ્વમાં એક સર્વસામાન્ય લક્ષણ (Trait) છે.

બાળકોનું પોતાનું એક અલગ જ વિશ્વ હોય છે, જેને નાના માપના નમૂનામાં પુખ્તવિશ્વ કહી શકાય.

બાળકોનો બીજો એક ખાસ સ્વભાવ હોય છે તે પોતાનું માલિકીપણું. પોતાનું એક નાનું રમકડું


ISSN 0976-9609

પણ તે પોતાના ભાઈભાંડુને કે ઘેર આવેલ મહેમાનના બાળકને અડકવા પણ દેતું નથી.

બાળકોનું વિશ્વ ભયના વિવિધ સ્વરૂપોથી ભરેલું હોય છે, જેમકે માતા-પિતાનો ડર, ખાસ કરીને પિતાનો ડર, શિક્ષકોનો ડર, પોલિસનો ડર, ભૂતનો ડર, ખરાબ શક્તિનો ડર અને પોતાનાથી વધુ બળવાન બાળકોનો ડર વગેરે. સ્વામી માટે પિતા, શાળાના શિક્ષકો, હેડ માસ્તર, અને કેટલાક મિત્રોનો ડર કાયમ માટે રહેતો.

જ્યારે બાળકો પોતાના અજ્ઞાનને પોતાના ડહાપણ તરીકે, કાંઈ છુપાવ્યા સિવાય રજૂ કરે છે, ત્યારે, તેઓ ગંભીરતાને આનંદમાં પલટી નાખે છે, તનાવને દૂર કરે છે અને આપણને વાસ્તવિકતાનું ભાન કરાવે છે કે, બાળકો આખરે બાળકો છે.

નારાયણે પોતાની નવલકથાઓમાં બાળકોના સ્વભાવને ખૂબ ઊંડા રસ સાથે બાળકોના મેઘધનુષી વિશ્વને ચિત્રિત કર્યુ છે.

આ રીતે નારાયણે સ્વામી અને તેના મિત્રોના બાળચિત્રો (રેખાંકનો) દ્વારા બાળવિશ્વના સ્વભાવને પ્રતિનિધિરૂપ રજૂ કર્યા છે. તેમના બાળચિત્રો માલગુડીના છે, જે એક કાલ્પનિક છતાં વાસ્તવિકતાને રજૂ કરતું નારાયણનું લાક્ષણિક વૈશ્વિક બાળગામ છે. સંયુક્ત કુટુંબના તેમજ રૂઢિચુસ્ત પરિવારોના બાળકોને નારાયણે બખૂબીથી ચિત્રિત કર્યા છે, જે તેમની લેખન શૈલીને વિશિષ્ટ રીતે ઉપસાવે છે.

આર.કે.નારાયણનું અવસાન ૧૩મી મે, ૨૦૦૧ ના રોજ ચેન્નાઈમાં થયું હતું.

---

"ત્રિપદા", બી/૩/૧૯ સમર્પણ સોસાયટી,
પાલિકાનગર પાસે, વલ્લભ વિદ્યાનગર,
આણંદ-૩૮૮૧૨૦ (મો) ૯૭૨૬૨૩૫૮૨૦

> "બાળકો બગીચાની કળી જેવા છે અને તેમનો ઉછેર કાળજીપૂર્વક
> તેમજ પ્રેમપૂર્વક થવો જોઈએ,
> કારણ કે આજનું બાળક તે આવતી કાલનો નાગરિક છે."
>
> **- પં.જવાહરલાલ નહેરુ** (www.cnbtv18com>india)

**।। વિદ્યાવૃત્ત ।।**

**આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ હાઇજીન એન્ડ સેફ્ટી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક એકમની મુલાકાત** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ હાઇજીન એન્ડ સેફ્ટી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ડિપાર્ટમેન્ટ હેડ બૈજુ વર્ગીસના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એડી પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના વર્કશોપ તેમજ આઈડિયા લેબની મુલાકાત લીધી હતી. જેમાં વિદ્યાર્થીઓએ મશીન શોપ, શીટ મેટલ શોપ, વેલ્ડિંગ શોપ, કાર્પેન્ટરી શોપ અને ફાઉન્ડ્રી શોપ જેવાં ઔદ્યોગિક એકમોની કાર્યરચના, સૈદ્ધાંતિક હેતુ, વિવિધ ઉપયોગિતા અને કાર્યદક્ષતા વગેરે જેવા મહત્ત્વના પાસાંઓ વિશે અભ્યાસ કર્યો હતો. બૈજુ વર્ગીસે વિદ્યાર્થીઓને આ પ્રકારના એકમોમાં કર્મચારીઓને સુરક્ષા, સ્વસ્થતા અને સલામતીના પગલાં વિશે સમજાવ્યું હતું. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો. એમ.એમ.રાજ અને કોલેજ સંયોજક ડો.જીગર પટેલે એડીઆઈટી કોલેજના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ અને મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના હેડ ડો. યશવંત પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

## || વ્યક્તિ વિશેષ (સમીક્ષા લેખ) ||

## અનોખાં સ્વાતંત્ર્ય સેનાની-મણિબહેન પટેલ

**રમણ વાઘેલા**

ગુજરાત ગૌરવગાથા શ્રેણી હેઠળ ગુજરાત સાહિત્ય અકાદમીએ 'આઝાદીના અમૃત મહોત્સવ' નિમિત્તે પ્રગટ કરેલ સ્વાતંત્ર્ય સેનાનીઓની લઘુ પુસ્તિકાઓમાં સંજય થોરાત 'સ્વજન' લિખિત 'અનોખાં સ્વાતંત્ર્ય સેનાની-મણિબહેન પટેલ' પુસ્તિકાનો સમાવેશ થાય છે.

મણિબહેન વિશે મારી વાત...માં સંજય થોરાત જણાવે છે : પુસ્તિકામાં મણિબહેનને સ્વાતંત્ર્ય સૈનિક તરીકે, સત્યાગ્રહી તરીકે, ગાંધી બાપુ અને સરદારનાં રહસ્યમંત્રી તરીકે, લોકસભા અને રાજ્યસભાનાં સભ્ય તરીકે અને કોંગ્રેસના શિસ્તબદ્ધ સૈનિક તરીકે, સમાજસેવિકા તરીકે મૂલવવામાં આવ્યાં છે. મણિબહેન નિરાભિમાની, સાદાઈ, શ્રમ, પ્રામાણિકતા, કરકસર, સુઘડતા અને અપરિગૃહ જેવાં વ્રતોનાં સાક્ષાત મૂર્તિ હતાં. પ્રબળ નેતૃત્વશક્તિ ધરાવતાં નીડર અને તેજસ્વી દેશસેવિકા હતાં. મણિબહેનને જ્યાં પણ તક મળી છે ત્યાં શક્ય હોય ત્યાં સુધી ભાષણ, ચર્ચા કે ગુસ્સો કર્યા વગર જાતે ઉદાહરણ આપીને, બીજાને દેશસેવા કે સાદાઈના ગુણો શીખવ્યા છે.

ઓગણીસ પ્રકરણમાં લખાયેલી આ પુસ્તિકામાં મણિબહેનનાં જીવન-કવન, પ્રેરક પ્રસંગો, સરદાર પટેલે પુત્રી મણિબહેનને લખેલા પત્રો, આત્મનિર્ભર-સત્યાગ્રહી અને સેવાપ્રિય મણિબહેન, સરદાર પટેલના પડછાયા સમાન મણિબહેન અને સરદાર પટેલની અંતિમ ક્ષણોમાં મણિબહેનની સાથોસાથ મણિબહેનનાં સાહિત્યિક યોગદાન તથા તેમના વિશેનું સંદર્ભ સાહિત્યનો સમાવેશ થાય છે.

પિતા વલ્લભભાઈ અને માતા ઝવેરબહેનના સંતાન મણિબહેનના જન્મ તા.૩ એપ્રિલ, ૧૯૦૩ના રોજ કરમસદ ખાતે થયો હતો. મણિબહેન ૬ વર્ષનાં હતાં ત્યારે તેમના માતા ઝવેરબેનનું દેહવસાન થતાં, મણિબહેનનો ઉછેર કાકા વિઠ્ઠલભાઈ પટેલે કર્યો હતો. પ્રાથમિક અભ્યાસ મુંબઈની અંગ્રેજી માધ્યમની સ્કૂલ ક્વીન મેરી ખાતે અને ૧૯૨૦ માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા બાદ, પિતા વલ્લભભાઈ સાથે એમનાં સેવાકાર્યોમાં જોડાઈ, આજીવન અપરિણિત રહી, દેશસેવામાં જીવન ન્યોછાવર કરી દીધું.

૧૯૨૩-૨૪માં બોરસદ સત્યાગ્રહથી સ્વાતંત્ર્ય લડતમાં જોડાનાર મણિબહેને ૧૯૨૮ માં ખેડૂતો પર નાખવામાં આવેલ આકરા કરના વિરોધમાં બારડોલી સત્યાગ્રહમાં મહત્ત્વની ભૂમિકા ભજવી, ઘરની ચાર દીવાલોમાં ગોંધાઈ રહેનાર મહિલાઓને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાવાની જબરદસ્ત પ્રેરણા આપી હતી. મહાત્મા ગાંધી દ્વારા ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ માટે આદરવામાં આવેલ દાંડીકૂચમાં મણિબહેન અગ્રેસર રહ્યાં હતાં. ૧૯૪૨ની હિન્દ છોડો ચળવળ વખતે પણ ગાંધીજી અને સરદાર પટેલ સાથે રહી સક્રિય ભૂમિકા નિભાવવાની સાથોસાથ યરવડા જેલમાં જેલવાસ પણ ભોગવ્યો હતો.

૧૯૦૩ થી ૧૯૯૦ ના દીર્ઘ ૮૭ વર્ષના જીવનકાળ દરમ્યાન ૧૯૩૦ થી માંડીને ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ એટલે કે સરદાર પટેલના અવસાન સુધી મણિબહેને પોતાના પિતાની નિરંતર સેવા કરી. પિતાની સઘળી તકલીફો અને સંકટોના મણિબહેન અંગત સાક્ષી રહ્યાં હતાં. મણિબહેને ૮ જૂન, ૧૯૩૬ થી ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ સુધીની ઘટનાઓનો ઉલ્લેખ કરતી ડાયરી લખી છે. જેમાં સરદાર પટેલનાં અનેક ઐતિહાસિક અને ભાવાત્મક સત્યો-સમસ્યાઓને ઉતાર્યા છે. નોંધવા જેવી બાબત એ છે કે આ ડાયરીનો સરદાર પટેલે અંગત સ્નેહીજનો કે મિત્રો સમક્ષ ક્યારેય ઉલ્લેખ કર્યો નથી.

આજીવન રેંટિયો કાંતનાર મણિબહેન પોતાના


ISSN 0976-9609

અને પોતાના પિતાના ખાદીના કપડાં જાતે જ સીવતાં હતાં. સાદગીનાં મૂર્તિ સમાન મણિબહેન એક થીંગડાંવાળી ખાદીની સાડી પહેરવામાં જરાય સંકોચ નહોતાં અનુભવતાં.

મણિબહેનની ભૂમિકા સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રેસર હતી, એની વાત કરીએ તો મહાત્મા ગાંધીએ રાષ્ટ્રને નામે ૧૯૨૦ થી બહેનો, વિદ્યાર્થીઓ, કિસાનો, મજૂરો, વકીલો, દાક્તરો, ઈજનેરો અને સરકારી અમલદારોને હાકલ કરી હતી. જેને દેશના દરેક ભાગમાંથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો હતો. પ્લેગ અને દુષ્કાળગ્રસ્તોની સેવા કરવામાં મણિબહેન એક સ્વયંસેવક તરીકે જોડાયા હતાં તો વળી દરેક આંદોલનમાં કે રચનાત્મક કાર્યમાં પિતાની સાથે ને સાથે જ રહેતા. દારૂના પીઠા પર પિકેટીંગ કરવાનું કામ બહેનોએ ઉપાડ્યું હતું, એમાં મણિબહેન જોડાયા. વિલાયતી કપડાંની હોળી કરવામાં પણ એમની આગેવાની ધ્યાનાકર્ષક હતી. કેટલાંયે સુખી ઘરની ગૃહિણીઓએ ખટારાઓ ભરી ભરીને વિલાયતી વસ્ત્રો ઘરમાંથી કાઢ્યાં. આ આંદોલનમાં મણિબહેનના જુદા જ સ્વરૂપને જોતાં ગાંધીજીને આનંદની સાથોસાથ નવાઈ પણ લાગી. કંઈક અબોલ, નબળી, અશક્ત લાગતી છોકરીનું ખમીર જોઈ બાપુએ મણિબહેનને એક પત્રમાં આમ લખેલું : "તારી આ કાર્યશક્તિ અને દેશપ્રેમ જોઈ મને ખરેખર નવાઈ લાગી."

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક મણિબહેને વિદ્યાપીઠને જ્યારે ધનની જરૂર ઉભી થઈ ત્યારે આંદોલનના કામમાંથી નવરાશ કાઢીને તેઓએ વિદ્યાપીઠને સારું એવું ભંડોળ એકઠું કરી આપ્યું. ૧૯૨૭માં વિદ્યાપીઠની કારોબારી સમિતિમાં મણિબહેન ચૂંટાઈ આવ્યાં.

મણિબહેન પટેલના પ્રેરક પ્રસંગો એકાધિક છે. એક એવા જ પ્રેરક પ્રસંગની જિકર કરીએ:

અંગ્રેજોના શાસન વખતે ભારતમાં પેદા થયેલ કપાસનો કાચો માલ સીધે સીધો ઈંગ્લેન્ડ પહોંચી જતો અને ત્યાંથી તૈયાર થયેલ કાપડના થોકેથોક ભારતમાં નાંખતા હતા અને દેશના લોકોને આ માલ ખરીદવાની ફરજ પાડતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે ગાંધીજીએ ઘરે ઘરે રેંટિયો સ્થાપી, પોતાનું કપડું પોતે વણી લઈ, આત્મનિર્ભર થવાની ટેવ પ્રજામાં પાડવા માટે અથાગ પ્રયત્નો શરૂ કર્યા. વિદેશી કાપડ કે વિદેશથી આવતી કોઈપણ વસ્તુ ખરીદવા કે પહેરવા જેવી ગુલામીની મનોદશામાંથી પ્રજાને બહાર કાઢવા તેમણે ભારતની મહિલાઓની સહાય માંગી.

સામાન્યતઃ સ્ત્રીઓની શૃંગાર-સજાવટમાં હાથની બંગડીઓનો નંબર પહેલો આવે. બંગડીઓને તો હિંદુ ધર્મે પણ સૌભાગ્યનું ચિહ્ન ગણ્યું હોવાથી એનું મહત્ત્વ બેવડાઈ જતું. વિદેશી બંગડીઓ પહેરવી એ તો સ્વદેશી વસ્તુઓનો વિરોધ કર્યા બરાબર લેખાય. સ્ત્રીઓ વિદેશી બંગડીઓ કાઢી નાંખવા તૈયાર હતી તો બીજી બાજુ ધર્મનો લોપ-એ તેમના મનને દુભવવા જેવું હતું. આના ઉપાય તરીકે મહારાષ્ટ્રની બહેનોએ મૂડી એકઠી કરી બંગડીઓનું કારખાનું નાખવાનો વિચાર કર્યો. પરંતુ આ રાતોરાત થવું અશક્ય હતું. મણિબહેને આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો. આશ્રમમાં મણિબહેન ચરખો કાંતતા શીખી ગયાં હતાં. તેમણે ગાંધીજીના કહેવાથી રૂની પૂણીમાંથી સૂતરના તાર વણી એકઠા કર્યા, તેનું ગઠન કરી તેમાંથી નાના નાના મોતી જેવા ઘાટ ઉપસાવી સૂતરની બંગડીઓ બનાવી, બહેનોને આપી. બહેનો આ જોઈને ખુશ થઈ ગઈ અને આ બંગડીઓને બહેનોએ હરખભેર અપનાવી લીધી. ગાંધીજીની સ્વદેશી ચળવળમાં તેઓ એક નાનો પણ મહત્ત્વનો બદલાવ લાવી શકે છે તેવું આત્મબળ પેદા થયું.

એક નોંધવા જેવી બાબત એ છે કે નાનપણમાં વેઠેલી એકલતાની મણિબહેનના સ્વભાવ પર જબરદસ્ત અસર હતી. માથી વિખૂટી પડી જેલમાં આવે છોકરીઓને જોઈ એમની આંખોમાં પણ એકલતાની સોય ખૂંચતી. આના સમાધાનરૂપે

મણિબહેન એ છોકરીઓ પર અનહદ વહાલ વરસાવતાં. જેલનાં નિયમોની અંદર રહી એમનું ખાવું-પીવું સાચવતાં, સંસ્કાર-સિંચન કરતાં અને સ્વાસ્થ્ય સારું ના હોય તો ખૂબ સંભાળ-દરકારથી સારવાર કરતાં. કોઈ છોકરીના સરસ લાંબા વાળ હોય તો દર અઠવાડિયે માથું ચોળી તેલ નાંખી આપતાં આપતાં કહે, 'એના વાળ ઊતરી જશે તો એની માનો જીવ કેટલો બળશે !'

'મણિબહેન અને મૃદુલાબહેન' શીર્ષક હેઠળના પ્રકરણમાં કેલિકો મિલવાળા અંબાલાલ સારાભાઈનાં દીકરી મૃદુલાબહેન અને મણિબહેન મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અમલમાં મૂકવામાં શ્રમનું મહત્ત્વ સમજવા-સમજાવવામાં જે સફળતા પ્રાપ્ત કરે છે એની નાની-નાની વિગતો પણ છેવટે તો મોટી જ બની રહે છે. નિયમિત રીતે મૃદુલાબહેનના પરિવારે ઊભી કરેલી સગવડનો લાભ લીધા પછી જેલની છોકરીઓમાં સ્વાશ્રયની ભાવના વિસરાઈ જાય નહીં તે સારુ મણિબહેને સાદાઈનો એવો મંત્ર ફૂંક્યો કે, છોકરીઓને પરિવર્તન થકી સાદાઈનું મહત્ત્વ સમજાયું. મણિબહેનની ભાષા ભલે ઘાટઘૂટ વિનાની પણ નિર્મળ અને પારદર્શક મનને કારણે કઠોર લાગતા શબ્દ સો ટચના સોના જેવી ભાવના ઉત્પન્ન કરી સહુનું દિલ જીતી લેતા.

આ પુસ્તિકાના આકર્ષણ સમાન સરદાર પટેલે મણિબહેનને લખેલા પત્રો છે. મણિબહેન માટે વલ્લભભાઈ પિતા ઉપરાંત એક સાચા સલાહકાર, આદર્શ અને અતિશય માનને પાત્ર વ્યક્તિ હતા. જ્યારે વલ્લભભાઈ પટેલ માટે રાજકારણની સતત આંટીઘૂંટી, કડક વ્યવહાર, આયોજનો પાર પાડવા માટેની જહેમત, જેમાં સંવેદનાઓનું કોઈ સ્થાન રહેતું નહીં ત્યારે હૃદયમાં ભંડારી રાખેલી લાગણીઓને, કંઈક અંશે પોતાની પુત્રી મણિબહેન કે પુત્ર ડાહ્યાભાઈને પત્ર લખી તેમાં હળવાશ ઠાલવી, હાશ અનુભવી લેવાનું આશ્રયસ્થાન રહ્યા હશે, તેવું તેમના પત્રો ઉપરથી લાગે છે. સરદાર પટેલના આ પત્રોમાંથી પસાર થતાં જણાશે કે લોખંડી પુરુષ ગણાતા એક પિતા પોતાની દીકરી માટે કેટલા ઋજુ હશે તેનો ખ્યાલ આવે છે.

અમદાવાદ

તા. ૧-૪-૧૯૨૪

ચિ. મણિબહેન,

દાદા સાહેબ આજે મળ્યા અને પૂ.બા પણ મળ્યાં. હજી તમારી તબિયતના સમાચાર મારી ચિંતામુક્ત કરે એવા મળતા નથી. ડો.દલાલ સાહેબે એક્સ-રે થી ફોટો લીધો તે ઉપરથી કંઇ ખાસ જાણવા જેવું હોય તો મને જણાવો. ખોરાક બંધ થવાથી વજન ઘટતું હોવું જોઈએ અને તેથી નબળાઈ પણ વધતી હશે. પરંતુ ડોક્ટર અગર વૈદ્ય જેના ઉપચાર ચાલતા હોય તેની સલાહ તો માનવી જ જોઈએ. એટલે થોડા વખત સુધી શાંતિ અને ધીરજથી શું ફેરફાર થાય છે તે જોવાનું રહ્યું.

મનને શાંતિ થઈ એ જાણી હું ખૂબ રાજી થયો છું. અને મને ખાતરી છે કે તમને અશક્તિ વધતી હશે તે છતાં ખૂબ આરામ રહેશે. થોડા વખતમાં એનો ફાયદો માલૂમ પડશે. મારે પરમ દિવસે ભાવનગર જવાનું છે. તૈયબજી સાહેબનો તાર આવ્યો છે. એટલે જવું જ જોઈએ. ભક્તિબહેન કાલે અહીં આવવાનાં છે. એક દિવસ રહીને બીજે દિવસે આણંદ જવાનાં છે.

બાપુના આશીર્વાદ

સરદાર પટેલના જીવન દરમિયાન મણિબહેને ક્યારેય કોઈપણ સંસ્થા અથવા તો સરકારમાં કશાની અધ્યક્ષતા નિભાવી ન હતી. સરદાર પટેલના બહોળા કાર્યમાં મણિબહેન એટલાં તો વ્યસ્ત રહેતાં હતાં કે તેઓ અન્ય ક્ષેત્રમાં પોતાનો પૂરતો સમય આપી શકતાં નહીં.

સ્વતંત્રતા મળ્યા બાદ, અંતરિયાળ ગામડાં-ઓમાં રહેતી છોકરીઓને શિક્ષણ પ્રાપ્ત થઈ શકે અને તેમને જીવનમાં આગળ આવવાની સમાન તક મળી


ISSN 0976-9609

રહે એ હેતુથી દરબાર ગોપાળદાસ અને ભક્તિલક્ષ્મી દેસાઈએ નડીઆદમાં સરદાર પટેલના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલના નામે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપના કરી હતી. આ કન્યાશાળાની મુખ્ય વાત એ હતી કે અહીં કન્યાઓને રહેવા-જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મણિબહેન આ વિદ્યાલયની એક્ઝીક્યુટીવ કમિટીનાં સભ્ય બન્યાં અને કન્યા કેળવણીને દોરવણી આપવાનું કાર્ય તેમણે સંભાળ્યું. આ વિદ્યાલયમાં કન્યાઓ માટે માધ્યમિક શિક્ષણ ઉપરાંત પી.ટી.સી. કોલેજના શિક્ષણનું વિસ્તરણ કરવામાં આવેલ છે.

મણિબહેનનું સૌથી અગત્યનું કહી શકાય એવું કાર્ય જો રહ્યું હોય તો તે લોકોની જીવાદોરી સમાન ટપાલ સેવાની ભારતનાં ગામડે ગામડે વ્યવસ્થા શરૂ કરવાની. આ એક અગત્યની કામગીરી હતી; એટલું જ નહીં, દેશનાં ગામડાંઓમાં શિક્ષણની વ્યવસ્થા નહિવત રહેતી. ગામડાંના લોકો વાંચી કે લખી શકતા ન હતા અને ટપાલ પહોંચાડનાર ટપાલીનું કાર્ય બેવડું થઈ જતું હતું. તેઓ ટપાલને વાંચી પણ આપતા અને ટપાલ લખી પણ આપતા. શહેરો વિશેની ઘણી માહિતી આ ટપાલી પૂરી પાડતા રહેતા હતા. આમ ગામડાંઓમાં શિક્ષણસેવાના પગરણ માંડવામાં મણિબહેનનું સારું યોગદાન રહ્યું.

કસ્તુરબાની સ્મૃતિ અખંડ રહે તથા ગામડાંઓની સ્ત્રીઓ અને તેમનાં બાળકોને શિક્ષણનો લાભ મળે તે હેતુથી કસ્તુરબા ગ્રામ વસાવવાનો મૂળ વિચાર સરદાર પટેલનો હતો. આ હેતુ પરિપૂર્ણ કરવા માટે એક કરોડ રૂપિયાનું દાન એકઠું કરવામાં આવ્યું હતું. સરદાર પટેલના દેહાંતના થોડા દિવસ પહેલાં એટલે કે બીજી ઓકટોબર, ૧૯૫૦માં કસ્તુરબા ગ્રામનું શિલારોપણ સરદાર પટેલના હાથે ઈંદોર પાસે કરવામાં આવ્યું હતું અને કસ્તુરબા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. મણિબહેન તેના ટ્રસ્ટી મંડળમાં જોડાયાં હતાં. અને બહેનોના શિક્ષણ માટે તેઓએ રસપૂર્વક કામ કર્યું હતું.

સત્યાગ્રહી મણિબહેન સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન એટલે કે ૧૯૩૦ થી '૪૨ સુધી તે વખતના મુંબઈ રાજ્યની લગભગ બધી જ નાની મોટી જેલમાં જઈ આવેલાં. સાબરમતી, થાણા, યરવડા, આર્થર રોડ અને હિંડલગા જેલમાં રહેલાં. દરેક જેલની અગવડ-સગવડ અંગે પૂરી જાણકારી હોવાથી જેલની અંદરના નેતાઓની જવાબદારી તેઓ સારી રીતે સંભાળતાં. એમના નાના મોટા સાથીઓમાં ઝઘડો થાય નહીં. કોઈ જેલથી કંટાળી માફી માંગવાનું સ્વપ્નામાં પણ વિચારે નહીં. કમ ખાના ઓર ગમ ખાના એ જેલની સજા ભોગવવાની સફળ ચાવી તો હતી જ પણ જેલ બહારના જીવનમાં પણ ઘણીવાર કામ આવે એવી હતી. મણિબહેન પોતાના સાથી-સત્યાગ્રહી બહેનોને એ વાત સુપેરે સમજાવી શક્યાં હતાં. નિશ્ચય અને આત્મવિશ્વાસનું બમણું બળ લઈ બહેનો જીવનનાં જુદાં જુદાં આહવાનો સ્વીકારી, ઝઝૂમવાની પૂર્વતૈયારી સાથે જેલ છોડતી-એની પશ્ચાદભૂમાં મણિબહેન પટેલ હતાં.

૧૯૪૭ ના ઓગસ્ટ મહિનામાં ભારત દેશને આઝાદી મળી ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બનાવ્યા હતા. તેઓને રહેવા માટે દિલ્હી ખાતે એક વિશાળ મહાલય ફાળવવામાં આવ્યું હતું. મણિબહેને પિતા સરદાર પટેલ સાથે આ મહાલયમાં રહેતાં રહેતાં સહુને સાદાઈના પાઠ શીખવ્યાં. બગીચામાં રાત્રે રોશની થાય એ સારું ઘણી બધી બત્તીઓને સ્થાને ગેઈટની પાસે એક જ બત્તી પર્યાપ્ત છે એમ જણાવી સરકારી સગવડોનો દુરુપયોગ ન થાય અને સાદાઇથી રહી શકાય તેની શીખ મણિબહેને અમલમાં મૂકી હતી તો વળી જરૂરિયાત સિવાયના ઓરડાઓને બંધ કરાવી દીવાનખાનું, રસોડું અને એક નાનો ઓરડો વપરાશમાં લેવામાં આવશે એવી સ્પષ્ટ સૂચનાઓ મણિબહેને અમલદારોને આપી હતી.

મણિબહેને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલનાં દીકરી હોવાનો વટ તો ક્યારેય ન પાડ્યો પણ

એમના નામનો ઉપયોગ પણ ન થવા દીધો. સરકારી સગવડો હોવા છતાં શક્ય એટલા ઓછા ખર્ચમાં કેવી રીતે ચલાવી શકાય એનું હંમેશાં ધ્યાન રાખ્યું હતું. અંગત કામ અર્થે ક્યારેય સરકારી વાહનનો ઉપયોગ ન કરતાં ભાડાની રિક્ષા કે બસમાં પ્રવાસ કરવાનું વધુ પસંદ કરતાં. મણિબહેનની સાદાઈ એટલી બધી લોકપ્રિય હતી કે સમાજમાં એકદમ સાદાઈથી જીવતી યુવતીને લોકો, 'આ તો સાવ મણિબહેન જેવી છે...' એવું કહેતા.

સરદારપુત્રી મણિબહેન ૧૯૫૨-૧૯૬૨ દરમિયાન લોકસભાનાં સભ્ય. ૧૯૬૪-૭૦ દરમિયાન રાજ્યસભાનાં સભ્ય, ૧૯૭૩-૭૫ દરમિયાન લોકસભાના સભ્ય (સાબરકાંઠા વિસ્તાર) અને ૧૯૭૭માં મહેસાણા વિસ્તારમાંથી સર્વાધિક મત મેળવી લોકસભાના સભ્ય રહી ચૂક્યા હતાં. આ ઉપરાંત નવજીવન ટ્રસ્ટ, કસ્તુરબા ગાંધી સ્મારક ટ્રસ્ટ, મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ, સરદાર પટેલ સ્મારક નિધિ, કસ્તુરબા સ્મારક નિધિ, સરદાર પટેલ સમાજ સેવા - એમ વિવિધ ટ્રસ્ટોમાં ટ્રસ્ટી તરીકેનું માનવંતું પદ શોભાવ્યું હતું. આ ઉપરાંત કેન્દ્ર સરકારની વિવિધ સમિતિઓમાં તથા વિવિધ આયોગમાં સભ્ય તરીકે રહી મણિબહેને જીવનપર્યંત દેશસેવા કરી હતી.

મણિબહેન પટેલનું સાહિત્યિક યોગદાન પણ એટલું જ વિસ્તૃત હતું, જેમાં બાપુના પત્રોઃ સરદાર વલ્લભભાઈને (ગુજરાતી સંપાદન), બાપુના પત્રોઃ મણિબહેનને (ગુજરાતી સંપાદન), સરદારના લેખો અને સરદારને શ્રદ્ધાંજલિ (ગુજરાતી સંપાદનો), કસ્તુરબાઃવાણી અને વિચાર (ગુજરાતી), બોરસદ સત્યાગ્રહ (ગુજરાતી), નાગપુર ઝંડા સત્યાગ્રહ (ગુજરાતી) વગેરેનો સમાવેશ થાય છે.

મણિબહેન વિશેના સંદર્ભ સાહિત્યમાં મૃણાલિની દેસાઈ, મેઘા ગોપાલભાઈ ત્રિવેદી, મનુ રાવળ, ગ.મા.નાંદુરકર અને વર્ગીસ કુરિયનના પુસ્તકોનો સમાવેશ થાય છે.

સ્વાતંત્ર્ય સંગ્રામના અદના સૈનિક અને સરદાર પટેલના પડછાયા સમાન મણિબહેન પટેલે ૮૭ વર્ષના દીર્ઘ આયુકાળમાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન કરી, મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સત્ય, અહિંસા અને સેવા-એમ ત્રિવિધ ક્ષેત્રે સેવાઓ બજાવી. 'મણિબહેન'નું નામ રોશન કર્યું.

પ્લોટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક, સેક્ટર-૮,
ગાંધીનગર-૩૮૨૦૦૭ (મો) ૬૩૫૮૭૪૦૬૧૬

**।। વિદ્યાવૃત્ત ।।**

**NCSC માં સીવીએમ. હાયર સેકન્ડરી હોમ સાયન્સના પ્રોજેક્ટની ટોપ-૧૦ માં પસંદગી :** તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૨૩નું આયોજન આણંદ જિલ્લા લોક-વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૫ વિભાગમાં ૧૭૦ જેટલા પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા. સીવીએમ હાયર સેકન્ડરી હોમ સાયન્સની વિદ્યાર્થિની વ્હોરા આતિયા અને ચાવડા હર્ષિતાનો રીસર્ચ પ્રોજેક્ટ શિક્ષક ખ્યાતિ રાણાના માર્ગદર્શન હેઠળ અને ડોલી મોહેના સહકારથી પેટા વિભાગ-૨માં જિલ્લા કક્ષાએ ટોપ-૧૦માં પસંદગી થયેલ હતો. શાળાના આચાર્ય શ્રીમતી આશાબેન પટેલે આ પ્રસંગે વિદ્યાર્થી ટીમ તેમજ માર્ગદર્શક શિક્ષિકાએ અભિનંદન પાઠવ્યા હતા.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી :** ધો.૧૨માં અભ્યાસ કરતી ૨૦ સિનિયર વિંગ્સ ગર્લ્સ કેડેટ્સ એ થામણા મુકામે યોજાયેલા કેમ્પમાં એન.સી.સી.ઓફિસર્સ ટી.એ.ઝાલા બી.આર. લેફ. અને મિસ પેટવિસા મહિડાના માર્ગદર્શન હેઠળ ૧૩ ગુજરાત એનસીસી બટાલિયન, વલ્લભ વિદ્યાનગર તરફથી તા.૮-૯-૨૦૨૩ થી ૧૮-૯-૨૦૨૩ દરમિયાન ભાગ લીધો. કેમ્પમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાંથી રાઈફલ શૂટિંગ, પરેડ અને ઓવરઓલ બેસ્ટ કેડેટ તરીકે ફાતિમા સલીમભાઈ વહોરાને પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ, જ્યારે કાવ્ય લેખનમાં રાઉલજી માહી, ઘનશ્યામસિંહ અને ડિબેટમાં ભરવાડ આરતી મેલાભાઈએ સેકન્ડ રેન્ક વિજેતા ક્રમ આપવામાં આવ્યો હતો. શાળાના પ્રિ.વિજયકુમાર સુથાર. એન.સી.સી.ઓફિસર્સ અને શાળા પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

## ।। પુસ્તક સમીક્ષા ।।

## 'અંતઃપર્વ' : વિસરાતી જતી સંસ્કૃતિનો જીવંત ધબકાર

**રાકેશ પટેલ**

આપણે ત્યાં દલપત-નર્મદ યુગથી નિબંધનો પ્રારંભ થયો. અને ત્યારબાદ અનેક પડાવો પાર કરી નિબંધ તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓ સાથે પ્રકાશે છે, પ્રગટે છે. 'નિબંધ લખવા, જેવી તેવી વાત નથી' નર્મદનું આ કથન જ કહી જાય છે કે, નિબંધ લખવો એ સરળ તો નથી જ. કેટકેટલાય પડકારો ઝીલવા પડે છે. ઉમાશંકરે નિબંધને 'ગોષ્ઠિ' કહીને ઓળખાવ્યો છે. એટલે કે જાત સાથેની વાતચીત. આ વાતચીતમાં સભાનતા અને સંવેદનશીલતા, સરળતા અને શૈલી વિશેષ મહત્ત્વનાં પાસાં બની રહે છે. એ સિવાય પણ અનેક બાબતોને અનુસરીને ઉત્તમ નિબંધ સુધી તેના સર્જકે પહોંચવાનું હોય છે.

ડો. ભગીરથ બ્રહ્મભટ્ટ પાસેથી 'શબ્દના સગપણ', 'અક્ષરનાં અજવાળાં', 'અભાવનું ઐશ્વર્ય,' 'પ્રકૃતિપર્વ' અને 'પદાર્થપર્વ' નામે નિબંધસંગ્રહ પ્રાપ્ત થયા છે. 'અંતઃપર્વ' એ હાલમાં જ પ્રકટ થયેલો તેમનો નવો નિબંધ સંગ્રહ છે. અગાઉના તમામ સંગ્રહો કરતાં આ સંગ્રહના તમામ વસ્તુ અને વિષયની ભૂમિકાએ જોતાં સાવ અલગ જ પ્રકારના દેખાય છે. આ સંગ્રહની પ્રસ્તાવનામાં પ્રવીણ દરજી નોંધે છે, 'ભગીરથભાઈનો રસ વિષયના પોતાની રચના આલેખનમાં રહ્યો છે. તેમ કરવા જતાં ક્યાંક લલિતની સુવાસ ભળે, ક્યાંક સહજ કથનથી વાત આકારે, તે માટે અભ્યાસ-આધારો-અવતરણોમાં તેઓને ભાગ્યે જ જવું ગમ્યું છે. ખાસ તેઓ પોતાના કથયિતત્વને, પોતાના Convictionને જ આગળ રાખીને ચાલવાનું પસંદ કરે છે. પરિણામે આવા નિબંધો-લેખો સુવાચ્ય Readable બની વાચક સાથે પોતાનો તંતુ જોડી રહે છે.'

અંતઃપર્વના કુલ બેતાળીસ નિબંધો એક યા બીજા પ્રકારે ભૂલાતા જતા સમયને તાગવાનો પ્રયત્ન છે. જેમકે છોતરાં અને ફોતરાં, મસોતું, કૂંચી, ગાંગડા, ગોબો, ચીપિયો અને સાણસી, તાવેથો, પોટકું- નિબંધોની સૃષ્ટિમાં સાવ નગણ્ય જણાતાં વિષયોનું સર્જકે ખૂબ જ સરળતાથી રસાળાત્મક રીતે આલેખન કર્યું છે. મહાત્મા ગાંધીજી કહેતા, 'સાહિત્ય સમાજના છેલ્લામાં છેલ્લા માણસને પણ સમજાવું જોઈએ.' અહીં એ જ પ્રકારના નિબંધો-સાવ સરળ શૈલીમાં મૂકી આપવાની મથામણ રહી છે. અને એ પણ ક્યાંક સર્જનાત્મકતા ચૂક્યા વિના ! જુઓઃ

મોહભંગ થઈ ગયા પછી જ મસોતાની ઊંચાઈ પ્રાપ્ત થાય છે. પૃ.૩૩/ચાવી માત્ર ગુલામ બનાવે છે, એવી પ્રતીતિ થાય છે. પૃ.૪૩/જીવન પણ એક અર્થમાં પરપોટો નથી તો બીજું શું છે ? પૃ.૪૫ અને આજના સમયે અપ્રસ્તુત જણાતા વિષયોને પણ કલાની ઊંચાઈ સુધી પહોંચાડવાના ભગીરથ કાર્ય માટે પણ સર્જકને અભિનંદન આપવા જ ઘટે. સર્જક કોઈપણ વિષય ઉપર લખી શકે છે. પણ એની અભિવ્યક્તિ-શૈલી ત્યારે ખૂબ જ મહત્ત્વની બની જતી હોય છે. અહીંની સંસ્કૃતિ તો કંકરમાં પણ શંકર જોનારી છે. ત્યારે ભગીરથભાઈએ રોજબરોજના જીવનમાં ઉપયોગી અને છતાંય કોઈ મહત્ત્વના ના હોય એવા વિષયોને આકારવાનું સાહસ તો કર્યું જ છે અને સર્જકની એ જ વિશેષતા બની રહે છે અને એથી જ તેઓ, અન્યોથી સાવ અલગ છાપ છોડવામાં સફળ પણ રહ્યા છે.

જ્યારે 'માળો એ મુકામ, નહીં મંજિલ', 'પરપોટો', 'સુખ', 'અંકુર', 'શ્રદ્ધા', 'વિસ્મૃતિ', 'ચાલવું ઉર્ફે જીવવું', 'જીવન' વગેરે નિબંધોમાં જીવન અને આધ્યાત્મ વિશેષનું ચિંતન એક નવી ઊંચાઈએ પહોંચતા જોઈ શકાય છે. અહીં વિષયોના વૈવિધ્યની સાથોસાથ ચિંતનનું લાલિત્ય સંગ્રહના તમામ નિબંધોને સમૃધ્ધ બનાવે છે. સર્જક નિબંધોના વિષયોનું આલેખન કરતાં કરતાં જીવાતા જીવનની સમસ્યાઓ,

ઊંચે ઊઠવાની શક્યતાઓને સરળ શબ્દોમાં મૂકી આપે છે. તો ઉદાહરણોથી વાતને વધુ પ્રતીતિકર બનાવી શક્યા છે. નિબંધના પાને પાને જીવન રહસ્યો-રત્નકણિકાઓ જોઈ શકાય છે.

માળો એ પંખીએ ચણેલું ઘર છે. પૃ.૩૯/ ટપાલ ઉપર ખોટું સરનામું કર્યુ હોય, તો એ ટપાલ સાચી જગ્યાએ નથી પહોંચતી. 'સુખનાં સરનામાં પણ આવાં જ ખોટાં લખાઈ જાય તો પછી એ કયાંથી મળે ? પૃ.૬૩/અંકુર એ નારીની નાભિમાંથી જન્મતી કૂંપળ છે. પૃ.૭૭

આમ તો, ભારતીય સંસ્કૃતિ ઋષિ અને કૃષિની સંસ્કૃતિ છે. આપણી ભૂલાતી જતી ભારતીય સભ્યતા, વિરાસત, સંસ્કારો, સંસ્કૃતિનું ચિંતન અને ચિંતા કરતાં નિબંધકાર અહીં સમાજમાંથી વિદાય લઈ રહેલી ચીજવસ્તુઓનું પણ સફળ રીતે આલેખન કરવામાં સફળ રહ્યા છે. સર્જક ગામડામાંથી આવે છે. ગ્રામ્ય સંસ્કૃતિ, તેની રીતભાતો વચ્ચે ઊછર્યા છે. તેથી તેમના લેખનમાં સંવેદન અને અનુભવની સચ્ચાઈનો રણકો જોઈ શકાય છે અને પરિણામે વ્યક્તિ અને ચીજવસ્તુઓના આલેખનમાં વિશેષ રસ હોવાનું સમજી શકાય તેમ છે. આ વિશે કુમારપાળ દેસાઈ નોંધે છે 'આપણી સંસ્કૃતિમાંથી વિદાય લઈ રહેલી આ ચીજવસ્તુઓને એવી જીવંતતાથી આલેખી છે કે એમાં એમની સર્જનાત્મકતા પ્રગટ થાય છે. વિસરાતી જતી સંસ્કૃતિનો જીવંત પરિચય આપતી આવી નિબંધ સૃષ્ટિમાં ભાવક તરીકે વિશેષ વિહાર કરાવતા રહે, એવી સતત અપેક્ષા રહે છે.

૩૯૮, મંગલેશ્વર, પો.બો.નં.૧૭૫,
આદિપુર-કચ્છ, (મો) ૯૪૨૯૨૯૭૭૭૦

**|| વિદ્યાવૃત્ત ||**

## આઈસ્ટાર કોલેજ ખાતે સ્ટુડન્ટસ કાઉન્સિલ અંતર્ગત ફાઈન આર્ટ્સ સ્પર્ધાઓ યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે તાજેતરમાં તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ સ્ટુડન્ટસ કાઉન્સિલ દ્વારા ફાઈન આર્ટ્સ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓનું કૌશલ્ય કેળવાય અને તેઓની પ્રતિભા ઝળકે તે હેતુસર પોસ્ટર મેકિંગ, કાર્ટુનિંગ, રંગોળી અને મહેંદી ડિઝાઇન જેવી વિવિધ પ્રકારની પ્રતિયોગિતાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ચિરાગ પરમાર (ઓર્ગેનિક કેમેસ્ટ્રી), દ્વિતીય ક્રમાંકે મોલી અરોરા (એન્વાયરોન્મેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી), કાર્ટુનિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે હેલિક્સ પટેલ (એમસીએ), દ્વિતીય ક્રમાંકે સ્નેહા ઘોષ અને નિકિતા જૈન (જિયોઈન્ફર્મેટિક્સ), રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે દષ્ટિ બડજા અને સંદીપ સાંખટ (જિયોઈન્ફર્મેટિક્સ), દ્વિતીય ક્રમાંકે ચિરાગ પરમાર અને શિવાંગિની પટેલ (ઓર્ગેનિક કેમેસ્ટ્રી), તેમજ મહેંદી ડિઝાઇન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે અમિષા પટેલ (ઓર્ગેનિક કેમેસ્ટ્રી) અને દ્વિતીય ક્રમાંકે ખુશી પટેલ (સરફેસ કોટિંગ ટેક્નોલોજી) રહ્યાં હતાં. ફાઈન આર્ટ્સ સ્પર્ધાઓના સફળ સંચાલન બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડો.એમ.એમ.રાજ અને કોલેજ સંયોજક ડો. જીગર પટેલે સ્ટુડન્ટસ કાઉન્સિલના ટીમ મેમ્બર્સને, વિજેતાઓને તેમજ પ્રતિયોગિતામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

## ।। ચૂંટણી વિશેષ ।।

## "એક રાષ્ટ્ર, એક ચૂંટણી"

**ભાનુ એમ. પરમાર**

ભારત એ લોકશાહી દેશ છે. લોકશાહી દેશમાં ચૂંટણી એ ખૂબ જ અગત્યતા ધરાવે છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' અંગે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં, એક કમિટીની રચના કરી છે. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ, કોંગ્રેસ લોકસભા નેતા શ્રી અધિર રંજન ચૌધરી, રાજ્યસભાના ભૂતપૂર્વ વિરોધપક્ષના નેતા શ્રી ગુલામનબી આઝાદ, 15મી નાણાંકીય કમિશનના પૂર્વ ચેરમેન શ્રી એન. કે. સિંઘ લોકસભાના જનરલ સેક્રેટરી, શ્રી સુભાષ કશ્યપ, સિનિયર એડ્વોકેટ, શ્રી હરીશ સાલ્વે, ભૂતપૂર્વ ચીફ વીજિલન્સ કમિશ્નર સંજય કોઠારી અને રાજ્યકક્ષાના કાયદામંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કમિટી સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણી કરવા અંગે કાયદાકીય બાબતોથી લઈને બંધારણીય સુધારા અંગેની ચર્ચા-વિચારણા કરશે. તો સૌથી પહેલાં આપણે એ જોઇએ કે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' એટલે શું ?

### 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' એટલે શું ?

આપણા દેશમાં ત્રણ પ્રકારની ચૂંટણીઓ યોજવામાં આવે છે.

1. **રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાની ચૂંટણી** : રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાની ચૂંટણીનું આયોજન કેન્દ્રીય ચૂંટણી પંચ કરે છે. જો કે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાની ચૂંટણીમાં પ્રજા સીધી રીતે ભાગ લેતી નથી તેથી અહીં 'એક રાષ્ટ્ર એક ચૂંટણી'માં ફક્ત લોકસભાની ચૂંટણી અંગેની વાત કરવામાં આવી છે.

2. **રાજ્યોની વિધાનસભા અને વિધાન પરિષદની ચૂંટણી** : રાજ્યની વિધાનસભા અને વિધાનપરિષદની ચૂંટણીનું આયોજન પણ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. જેમાં વિધાન પરિષદ (હાલ ફક્ત છ રાજ્યોમાં છે) તેની ચૂંટણી પણ પરોક્ષ થતી હોવાથી એક સાથે 'એક રાષ્ટ્ર એક ચૂંટણી'માં ફક્ત વિધાનસભાની ચૂંટણી અંગેની વાત કરવામાં આવે છે.

3. **સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી:-** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી કે જેમાં પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણીનો સમાવેશ થાય છે. આ ચૂંટણીઓનું આયોજન રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.

આમ, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' એટલે સમગ્ર દેશમાં એક જ સાથે લોકસભા, રાજ્યની વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (પંચાયતો, નગરપાલિકા) ની ચૂંટણીઓ કરવામાં આવે.

**એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો ઇતિહાસ** : 'એક રાષ્ટ્ર એક ચૂંટણી'નો વિચાર ભારત માટે નવો નથી, કારણ કે ભારતમાં પહેલા પણ એક સાથે ચૂંટણીઓ યોજાઇ ચૂકી છે. ભારતમાં 1952, 1957, 1962 અને 1967માં એક સાથે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ યોજાઇ હતી. પરંતુ ત્યાર પછી બધા રાજકીય પક્ષો વચ્ચે એવી સર્વસંમતિ સધાઇ શકી નથી. દેશમાં અવારનવાર આ બાબતે વિચાર-ગોષ્ઠી, ચર્ચા-વિચારણાઓ થાય છે. પરંતુ હજુ સુધી એનું કોઇ નક્કર પરિણામ આવ્યું નથી ફરી એકવાર મોદી સરકારે આ અંગેનું બીડું ઝડપ્યું છે.

### 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના લાભ :-

**નાણાંકીય બચત** : એક સાથે ચૂંટણીની તરફેણમાં સૌથી મોટો તર્ક સરકારી નાણાની બચતનો છે. જો દેશ એક રાષ્ટ્ર એક ચૂંટણી માટે જાય છે તો તેનાથી સરકારના નાણાંની બચત થશે. લોકસભાની પ્રથમ ચૂંટણી થઇ ત્યારે 53 પક્ષોએ ચૂંટણી લડી હતી,

લગભગ 1874 ઉમેદવારોએ ભાગ લીધો હતો અને ચૂંટણી ખર્ચ 11 કરોડ હતો. 2019ની ચૂંટણીમાં, 610 રાજકીય પક્ષો હતા. લગભગ 900 ઉમેદવારો અને લગભગ 60,000 કરોડ રૂપિયા (Association for Democratic Reform દ્વારા જાહેર કરાયેલ)નો ચૂંટણી ખર્ચ કરવામાં આવેલ હતો.

એવી જ રીતે ચૂંટણી માટે જરૂરી ઇવીએમ ખરીદવાનો ખર્ચ પણ વધતો જાય છે. એક અંદાજ મુજબ 2019ની ચૂંટણીનો ખર્ચ આશરે 950 કરોડ છે, જ્યારે યુએસમાં 2016માં રાષ્ટ્રપતિ અને કોંગ્રેસની ચૂંટણીનો ખર્ચ 650 કરોડ જેટલો થયો હતો.

આમ, આપણા દેશમાં જો એક સાથે ચૂંટણી યોજવામાં આવે તો ઘણો બધો ખર્ચ બચાવી શકાય છે. જે દેશના વિકાસમાં વાપરી શકાય.

**દેશની વિકાસની ગતિ ઝડપી બનશે** : ચૂંટણીના સમયગાળા દરમિયાન આચારસંહિતા લાગુ કરવામાં આવે છે. કેટલાક વર્ષોથી દેશમાં દર વર્ષે કોઇને કોઇ ચૂંટણી યોજાય છે. ચૂંટણી દરમ્યાન આચારસંહિતા અમલમાં આવે છે ત્યારે લોકકલ્યાણ માટેના નવા પ્રકલ્પો શરૂ કરી શકાતા નથી. તેમજ સતત આચાર-સંહિતાને કારણે સરકારની નીતિ-યોજનાઓને લકવો મારી જાય છે.

**સરકારી તંત્ર રાહત અનુવભશે.** : ચૂંટણીના સમય દરમિયાન સમગ્ર દેશ અને રાજ્યોમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવા માટે વિશાળ માનવબળ અને મશીનરીની જરૂર પડે છે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો ખ્યાલ શાળાઓ અને યુનિવર્સિટીઓને સમયસર ખોલવામાં મદદ કરશે. પાંચ વર્ષે ફક્ત એક વખત ચૂંટણી કાર્ય કરવાનું હોવાથી સરકારી કર્મચારીઓ રાહત અનુભવશે. એકંદર પ્રજાના જીવન પર હકારાત્મક અસર કરશે.

**મતદાનમાં વધારો થશે.** : દેશમાં વારંવાર ચૂંટણીઓ થવાથી, પ્રજાને વારંવાર મતદાન કરવા જવું પડે છે. તેનાથી પ્રજા મતદાન પ્રત્યે નીરસ બનતી જાય છે અને મતદાનમાં સતત ઘટાડો જોવા મળે છે. જો પાંચ વર્ષે એક જ વાર ચૂંટણી કરવામાં આવે તો લોકોમાં પણ મતદાન પ્રત્યે જાગૃતિ આવશે અને મતદાનની ટકાવારીમાં વધારો જોવા મળશે. જે લોકશાહીની સફળતા માટે હકારાત્મક બાબત ગણી શકાય.

**'એક રાષ્ટ્ર એક ચૂંટણી'નો ગેરલાભ** : રાજ્યોની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ મુદ્દાઓ પર લડવામાં આવે છે. પ્રાદેશિક પક્ષો સ્થાનિક મુદ્દાઓને નિશાન બનાવે છે, જ્યારે રાષ્ટ્રીય પક્ષો રાષ્ટ્રીય મુદ્દાઓને નિશાન બનાવે છે. તેથી પ્રાદેશિક પક્ષો સ્થાનિક મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવી શકે નહીં તેવી સંભાવના છે.

પ્રાદેશિક પક્ષો ચૂંટણી ખર્ચ અને ચૂંટણી વ્યૂહરચના મામલે રાષ્ટ્રીય પક્ષો સાથે સ્પર્ધા કરી શકશે નહીં. વિધાનસભાની ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ અને સ્થાનિક મતદારો સાથે ગાઢ રીતે સંકળાયેલી હોય છે. આથી પ્રાદેશિક પક્ષો દ્વારા એક વખતની ચૂંટણી સ્વીકારવામાં આવશે નહીં, એવું સંભવ છે, તેમજ પ્રાદેશિક પક્ષોના અસ્તિત્વ પર જોખમ ઊભું થશે.

**પડકારો :**

- ★ લોકસભાની મુદત અને રાજ્ય વિધાનસભાની મુદત વચ્ચે સુમેળ કરવાની જરૂર છે. જેથી આપેલા સમયગાળામાં બંનેની ચૂંટણી યોજી શકાય.
- ★ હાલની લોકસભાની મુદત 2024 સુધી ચાલશે. પરંતુ કેટલીક વિધાનસભાની ચૂંટણીઓ ગયા વર્ષે થઇ ચૂકી છે. કેટલીક આ વર્ષે થવાની છે જેથી બધાને ભંગ કરી એકરૂપતા લાવવી પડશે.
- ★ લોકસભાની સાથે સમન્વયિત કરવા માટે, રાજ્યની વિધાનસભાની મુદત ઘટાડી કે તે મુજબ વધારી શકાય છે અને તેના માટે જરૂરી બંધારણીય સુધારા કરવા પડશે.

દેશને 'એક રાષ્ટ્ર એક ચૂંટણી'ની જરૂર છે કે નહીં તેના પર સર્વસંમતિ હોવી જરૂરી છે. તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોએ પોતાના અંગત હિતને ન જોતા, રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને આ બાબતની ગંભીરતાપૂર્વક ચિંતન કરવાની જરૂર છે.

ઈન્ચાર્જ આચાર્ય
નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજ,
વલ્લભવિદ્યાનગર


ISSN 0976-9609

|| કારકિર્દી વિશેષ ||

## ભણતરનો અધિકાર : મેળવો સ્કૂલમાં મફત એડ્‌મિશન

ભૌતિકકુમાર પટેલ

### રાઈટ ટુ એજ્યુકેશન (RTE) શું છે?

ગુજરાત રાજ્યમાં જે બાળકો તેમની શાળાની ફી ભરવા સક્ષમ નથી તેમને મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા માટે સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો અધિકાર અધિનિયમ અને યોજના લાગુ કરવામાં આવી છે.

### રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) એક્ટ, ૨૦૦૯ હેઠળની જોગવાઈઓ

સર્વોચ્ચ અદાલતે ૧૨ એપ્રિલ, ૨૦૧૨ના રોજ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું અને ખાનગી સંચાલિત શાળાઓ સહિત દરેક શાળાને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તાત્કાલિક મફત શિક્ષણ આપવાનો નિર્દેશ આપ્યો હતો.

૬ થી ૧૪ વર્ષની વય વચ્ચેના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે. જે કલમ ૨૧A દ્વારા ૮૬મા બંધારણ સુધારા અધિનિયમ મુજબ જણાવવામાં આવ્યું છે.

સરકારી શાળાઓ તમામ બાળકોને મફત શિક્ષણ આપશે અને શાળાઓનું સંચાલન શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMC) દ્વારા કરવામાં આવશે. ખાનગી શાળાઓ તેમની શાળાઓમાં ઓછામાં ઓછા ૨૫% બાળકોને કોઈપણ ફી વિના પ્રવેશ આપશે. ગુણવત્તા સહિત પ્રાથમિક શિક્ષણના તમામ પાસાંઓ પર દેખરેખ રાખવા માટે નેશનલ કમિશન ફોર એલિમેન્ટરી એજ્યુકેશનની રચના કરવામાં આવશે.

RTE પ્રવેશનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણ અધિકાર અધિનિયમ હેઠળ રાજ્યના દરેક બાળકને શિક્ષણ આપવાનો છે. આ યોજના હેઠળ દરેક ખાનગી શાળાએ આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે અલગ ૨૫% ક્વોટા રાખવાનો રહેશે, જેથી દરેક બાળક તેમની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં શિક્ષણ મેળવી શકે. આ યોજના આર્થિક રીતે નબળા વર્ગોના સાક્ષરતા દરમાં સુધારો કરવા માટે લાગુ કરવામાં આવી છે. આ યોજનાના અમલીકરણથી વિદ્યાર્થીઓના જીવનધોરણમાં સુધારો થશે. તે સિવાય વિદ્યાર્થીઓ પણ સ્વનિર્ભર બનશે. આ યોજના ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે જે આખરે વિદ્યાર્થીઓને રોજગાર મેળવવામાં મદદ કરશે.

### RTE પ્રવેશનો ઉદ્દેશ :

### RTE ગુજરાત પ્રવેશપાત્રતા માપદંડ

RTE ગુજરાતમાં પ્રવેશ મેળવવા માટે લાયક બનવા માટે, અરજદારોએ નીચે આપેલા નીચેના પાત્રતા માપદંડોનું પાલન કરવું આવશ્યક છે-

* બાળકોનો જન્મ ૨ જૂન ૨૦૧૪ થી ૧ જૂન ૨૦૧૫ ની વચ્ચે થયો હોવો જોઈએ.
* RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે ઘરની વાર્ષિક આવક મર્યાદા ૧,૫૦,૦૦૦ રૂપિયા છે.

### ગુજરાત RTE પ્રવેશ ૨૦૨૩-૨૪ માટે જરૂરી દસ્તાવેજો

રહેઠાણનો પુરાવો, વાલીપણું પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, ફોટોગ્રાફ, વાલીનું આવક પ્રમાણપત્ર, BPL કાર્ડ વગેરે જેવા મહત્વના અને જરૂરી દસ્તાવેજ-ની જરૂર પડે છે, આ સાથે અન્ય દસ્તાવેજો પણ સરકારે અધિકૃત વેબસાઈટ https://rte.orpgujarat.com/પર મુકેલ છે, જે તમે જોઈ શકો છો.

આપ જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છો છો તે માધ્યમ જ પસંદ કરી શકો છો.એટલે કે આપ ગુજરાતી માધ્યમ અથવા અંગ્રેજી અથવા હિન્દી અથવા

ઉર્દૂ અથવા મરાઠી, વગેરે ઉપલબ્ધ માધ્યમ પૈકી કોઇપણ એક જ માધ્યમની શાળાઓ પસંદ કરી શકશો.

**RTE ગુજરાતની સ્કૂલમાં પ્રવેશ પ્રક્રિયા :** પ્રવેશ પ્રક્રિયા બે પ્રકારે કરવામાં આવે છે, ઓફલાઈન અને ઓનલાઈન.

૧. **ઓફલાઈન પ્રક્રિયા** ઓનલાઈન અરજી ફોર્મની PDF ફાઇલ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢી જરૂરી તમામ દસ્તાવેજો જોડો અને છેલ્લે, તમારી પસંદગીની કોઈપણ શાળામાં અરજી ફોર્મ સબમિટ કરો. અધિકૃત સ્કૂલની માહિતી સરકારે પોતાની અધિકૃત વેબસાઈટ પર મૂકેલ છે.

૨. **ઓનલાઈન પ્રક્રિયા :** RTE ગુજરાત રાજ્યમાં તમારા વોર્ડના પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવા માટે, પ્રથમ, સત્તાવાર વેબસાઇટની (https://rte.orpgujarat.com/) મુલાકાત લો, અને ત્યાં તમારું એકાઉન્ટ બનાવી ને જરૂરી માહિતી ભરી અને ઓરિજીનલ ડોક્યુમેન્ટ અપલોડ કરી ફોર્મ સબમિટ કરી શકો છો. ઓનલાઈન ફોર્મ ક્યાંય જમા કરાવવાનું નથી. ત્યાર બાદ સરકાર-ના જિલ્લા તંત્ર દ્વારા મંજૂરી આપ્યા બાદ, સરકારે આપેલી તારીખે બેઠક ફાળવણી બહાર પડશે અને એપ્લિકેશન સ્ટેટસ દ્વારા ચેક કરીને પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરી, પ્રિન્ટ કાઢી, જે-તે શાળામાં જઈને પ્રવેશ મેળવી શકો છો.

★ આપે દર્શાવેલ મોબાઇલ નંબર પર SMS દ્વારા આપને જાણ કરવામાં આવશે. નેટવર્ક પ્રોબ્લેમ-ના કારણે કોઇ વાર SMS ના પણ મળે તેથી આપે વખતોવખત વેબપોર્ટલ https//rte.orpgujarat.com જોતા રહેવું. અરજી કન્ફર્મ થયા બાદ આપ કોઇ પણ સમય પર આપનો અરજી નંબર અને જન્મતારીખ એન્ટર કરી પ્રવેશની સ્થિતિ જોઇ શકો છો. આપને પ્રવેશ મળ્યાની જાણ થયા બાદ તુરંત જ જે-તે શાળામાં જરૂરી આધાર સાથે શાળાના સમયે પહોંચી જઇ પ્રવેશ મેળવી લેવો. જણાવેલ સમયમર્યાદામાં આપ પ્રવેશ નહિ મેળવો તો આપનો પ્રવેશ રદ થઇ જશે અને પછીના ક્રમના બાળકને ફાળવણી થઇ જશે.

★ પ્રવેશ માટે વોર્ડ આધારિત વિસ્તાર મુજબની શાળાઓની પસંદગી આપવાની રહેશે જે માતા/પિતા/વાલીને રહેઠાણ મુજબ બે વોર્ડની સરહદ લાગુ પડતી હોય તે માતા/પિતા/વાલી બંને વોર્ડમાં આવેલ શાળાઓ અંતરની મર્યાદાને ધ્યાનમાં રાખીને પસંદગી કરી શકશે. તેમ છતાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીના વાલી પોતાના રહેઠાણની સૌથી નજીકના અંતરે આવેલ શાળાઓની પસંદગી કરી શકશે.

★ ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા બાદ જરૂરી આધાર-પુરાવા સાથે જે તે શાળાનો શાળા સમયે સંપર્ક કરવાનો રહેશે. જે તે શાળા તમારી પાસે જરૂરી આધાર-પુરાવા માંગશે. તમો જરૂરી આધાર-પુરાવા રજૂ કરતા હોય તો પણ શાળા પ્રવેશની ના પાડે તો તાત્કાલિક જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / (મહાનગરપાલિકા વિસ્તારની શાળા માટે જિલ્લા શિક્ષણાધિકારીને મળવું) ની કચેરી ખાતે રૂબરૂ જઈ વાંધા અરજી આપી શકો છો.

★ સરકારના ઠરાવ મુજબ નીચેની શ્રેણીઓની પ્રાથમિકતા મુજબ શાળા ફાળવણી કરવામાં આવશે જે આ પ્રમાણે છે.-

★ અનાથ બાળક, સંભાળ અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકને, કિન્ડરગાર્ટન બાળકો, બાળ મજૂર/ સ્થળાંતર મજૂરીના બાળકો, ડિમેન્શિયા/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ, (ART) એન્ટી-રેટ્રોવાયરલ થેરાપી મેળવતા બાળકો, ફરજ દરમિયાન શહીદ થયેલા સૈન્ય/અર્ધલશ્કરી/પોલીસ કર્મચારીઓના બાળકો,


ISSN 0976-9609

માતાપિતા કે જેમને એક માત્ર બાળક છે અને તે બાળક માત્ર પુત્રી છે, રાજ્ય સરકાર હસ્તકની આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો, તમામ કેટેગરીના BPL પરિવારના બાળકો, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) શ્રેણીના બાળકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો / વિચરતી અને ઉદ્દાર બાળકો, સામાન્ય શ્રેણી / બિન-અનામત વર્ગના બાળકો

**મહત્ત્વની અન્ય માહિતી વિષે**

★ આપનો **પ્રવેશ તદ્દન નિઃશુલ્ક (મફત)** છે. શાળાને નિયામાનુસાર ચૂકવવાપાત્ર રકમ સરકાર દ્વારા શાળાને સીધી ચૂકવવામાં આવશે. આ ઉપરાંત આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને દર વર્ષે ડ્રેસ, બુટ, પુસ્તકો, પરિવહન ખર્ચ, સ્કૂલ બેગ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા માટે **વિદ્યાર્થી દીઠ રૂ.૩000/-** લેખે સરકારશ્રી દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે.

★ દરેક કેટેગરીમાં આપે પસંદ કરેલી પ્રથમ (૧) ક્રમની શાળામાં જગ્યા હશે તો તે શાળા ફાળવવામાં આવશે. જો પ્રથમ (૧) ક્રમની શાળા વધુ અગ્રતા વાળા બાળકોથી ભરાઈ ચૂકી હશે તો બીજા (૨) ક્રમની શાળા ફાળવવામાં આવશે. આમ આપે પસંદ કરેલી શાળાઓ પૈકી પસંદગી ક્રમ મુજબ શાળા ફાળવાશે. જો પસંદ કરેલ કોઈ પણ શાળામાં જગ્યા ખાલી નહીં હોય તો પ્રવેશ મળી શકશે નહીં. આથી શાળા પસંદ કરતી વખતે ઘરથી શાળાનું અંતર, શાળાનું સરનામું, શાળાનું માધ્યમ વગેરે ચકાસી વધારે સંખ્યામાં શાળાઓ પસંદગી કરવી હિતાવહ છે. જેથી, પ્રવેશ મળવાની શક્યતા વધુ રહે છે. આમ ક્રમશઃ આવતી શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવશે.

વધુમાં વધુ શાળા પસંદ કરવી હિતાવહ છે. વધુ શાળા પસંદ કરવાથી પ્રવેશ મળવાની શક્યતા વધે છે. દા.ત. આપ જો કુલ ૧ અથવા ૨ શાળા પસંદ કરશો અને તેની સીટો ભરાઇ જશે તો આપ પ્રવેશથી વંચિત રહેશો. આથી નજીક્ના વિસ્તારની વધુ શાળાઓ પસંદ કરવી તથા શાળાઓની પસંદગીમાં પસંદગીક્રમ આપની અનુકૂળતા મુજબનો હોય તેનું ધ્યાન રાખવું. કેટલાક વાલી શાળાઓની પસંદગીનો ક્રમ આપવાનો ભૂલી જાય છે. જે યોગ્ય નથી. આથી, શાળાઓની પસંદગી યોગ્ય ક્રમમાં કરવી આવશ્યક છે. ભળતા નામવાળી બીજી શાળા પસંદ ન થઈ જાય તે માટે શાળાનું સરનામું ચકાસીને જ શાળા પસંદ કરવી.

જયાં સુધી આપ confirm (કન્ફર્મ) નહિ કરો ત્યાં સુધી ગમે તેટલી વાર ફોર્મમાં સુધારો (Edit) કરી શકશો. એક વાર કન્ફર્મ થયા બાદ તે ફોર્મ Edit થઇ શકશે નહિ, પરંતુ આપ નવું ફોર્મ ભરી શકો છો. નવું ફોર્મ ભર્યા બાદ આપનું જૂનું ફોર્મ રદ થઇ જશે અને આપને SMSથી જાણ પણ કરવામાં આવશે. ફોર્મ ભરતી વખતે કેટેગરી, શાળાનું માધ્યમ વગેરે અગત્યની તમામ વિગતો લખવામાં ભૂલ ન થાય તેની ખાસ કાળજી રાખવી. સ્કૂલની માહિતી, જિલ્લા/સિટી લેવલે હેલ્પ લાઈન નંબર તથા તે સ્કૂલનું એડ્રેસ, સરકારે પોતાની અધિકૃત વેબસાઈટ પર ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં મૂકેલ છે.

પ્રવેશ અંગેની માર્ગદર્શિકા વખતો-વખત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા બહાર પાડવામાં આવે છે અને તે મુજબ પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તો તમારે અધિકૃત વેબસાઈટ ઉપર જઈને જે તે વર્ષની માર્ગદર્શિકા ડાઉનલોડ કરી તેને યોગ્ય રીતે વાંચી તે પ્રમાણે તમારે આગળની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

---

**Assi. Professor of Politics and International Relations.
ILSASS College, &
Coordinator of H.M. Patel Career Development Centre.,
CVM University.**

## ।। સંસ્થા પરિચય ।।

# સી.વી.એમ.હાયર સેકન્ડરી એજ્યુકેશન કોમ્પલેક્ષ (વ્યવસાયલક્ષી પ્રવાહ) હોમ સાયન્સ જૂથ

**શ્રીમતી આશાબેન પટેલ**

સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની આમ્રવૃક્ષ નીચે પ્રગટેલા શુભ વિચાર દ્વારા શૈક્ષણિક નગરની રચનાનું કાર્ય પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે ઉપાડેલું આ ઐતિહાસિક ભગીરથ કાર્યના ફળ સ્વરૂપે શિક્ષણ અને સંશોધનની વિવિધ સંસ્થાઓ આજે પાંગરી છે.

તે સમયના કેન્દ્રના નાણાંમંત્રી અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકેની બેવડી જવાબદારી ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી ઉપાડી લઈ ડો.એચ.એમ.પટેલ સાહેબે પોતાની આગવી કોઠાસૂઝ કામે લગાડી. ત્યારબાદ ડો. સી.એલ.પટેલ સાહેબ તેમના આ કાર્યને આગળ ધપાવતા તન-મન-ધનથી સતત પ્રયત્નશીલ રહ્યા. એક એન્જિનિયર હોવા છતાં પોતાની આગવી કાર્યશૈલીથી ચારૂતર વિદ્યામંડળની અનેક સંસ્થાઓનું પાલનપોષણ અને જતન કરી વૈશ્વિક નામના અપાવી. વર્તમાન અધ્યક્ષ તરીકે એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલ સાહેબ ખૂબ નિષ્ઠા અને પ્રમાણિકતાથી ચારુતર વિદ્યામંડળ તથા સી.વી.એમ.યુનિવર્સિટીના પ્રમુખ તરીકેનું કાર્ય સંભાળી રહ્યા છે.

**મુખ્ય દાતાશ્રીનો પરિચય :**

એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સની સ્થાપના વર્ષ ૧૯૭૧ માં થઈ. જેમાં દાતાશ્રી મણીભાઈ શિવાભાઈ તથા તેમના ભાઈઓએ પોતાના પિતાશ્રી શિવાભાઈ મરઘાભાઈના નામકરણના હેતુસર માતબર દાન આપ્યું હતું.

**સંસ્થાની માહિતી :**

સંસ્થામાં ૧૯૭૯થી સ્વ.તારાબેનના પ્રયાસો થી "સામાન્ય ગૃહવિજ્ઞાન" (General Home Science) સાથે ઉચ્ચતર માધ્યમિક શાળા કન્યાઓ માટે વિશેષ પ્રવાહ ચાલતો હતો. જેમાં સમયાંતરે દીકરીઓના શિક્ષણ પરત્વેના વલણમાં ફેરફારોને કારણે વ્યાવસાયિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિકસાવવાની ફરજ પડી અને ૧૯૮૮ થી "વ્યવસાયલક્ષી પ્રવાહ" ગૃહવિજ્ઞાન જૂથ" (Vocational Stream, Home Science Group)ની શરૂઆત થઈ જે હાલ કાર્યરત છે.

સંસ્થાની સ્થાપનાનો મૂળ હેતુ કન્યાને શૈક્ષણિક અને જીવનની કેળવણી આપવાનો રહ્યો છે. જ્યારે તમે એક સ્ત્રીને શિક્ષિત કરો છો ત્યારે તમે સમગ્ર પરિવારને શિક્ષિત કરો છો. શિક્ષણ એ મૂળ સાધના છે જેના વડે દીકરીઓ અથવા મહિલાઓ પોતાને અને તેના પરિવારને સશક્ત બનાવે છે. સ્ત્રીને સ્વાવલંબી જ નહીં પણ સ્વરોજગાર સર્જક બનાવે છે. અને સમાજના વિવિધ ક્ષેત્રોને મજબૂતી બક્ષે છે.

શાળામાં ધોરણ ૧૦ પાસ દીકરીઓને પ્રવેશ આપવામાં આવે છે. ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપતી આણંદ ખેડા જિલ્લાની આ એકમાત્ર સંસ્થા છે. જેમાં "ઈન્સ્ટિટ્યૂશનલ હાઉસકીપિંગ", "ફૂડ પ્રોસેસિંગ એન્ડ પ્રિઝર્વેશન" અને "કલોથિંગ ફોર ધ ફેમીલી" એવા ત્રણ જૂથ અત્યારે કાર્યરત છે.

**શાળાનો ધ્યેય મંત્ર :** વિદ્યા રત્ન મહાધનમ્

**વિઝન :** વ્યવસાયલક્ષી શિક્ષણ દ્વારા મહિલા સશક્તિકરણ.

**મિશન :** મહિલાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું તથા આપણા સમાજ અને દેશને તેમના શિક્ષણનો મોટા પાયે લાભ થાય તે હેતુથી સ્વતંત્ર તથા નાણાંકીય રીતે સક્ષમ બનાવવી.

**હેતુ :** વિદ્યાર્થિનીઓને જીવનના વિવિધ પડકારોનો


ISSN 0976-9609

સામનો કરવા સક્ષમ બનાવી તેમનામાં આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વનો વિકાસ કરવો.

**ઉદ્દેશ :**

૧. કન્યાઓને વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને સંપૂર્ણ તાલીમ આપીને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવી.
૨. ગૃહજીવનના સંચાલનમાં વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવો.
૩. વિદ્યાર્થીઓની સફળતા માટે વ્યવસ્થિત અભિગત કેળવવો.
૪. વ્યક્તિગત કુટુંબ અને સામુદાયિક જીવનમાં મૂલ્યો સ્થાપિત કરવા.

**શાળાનો સ્ટાફ :** શૈક્ષણિક કર્મચારીગણ-૦૮, બિન શૈક્ષણિક કર્મચારીગણ : ૦૨

**શાળાની સિદ્ધિઓ :**

૧. NCERT તરફથી બેસ્ટ ઈન્સ્ટિટ્યૂશનલ એવોર્ડ વર્ષ ૨૦૦૨-૨૦૦૩
૨. ચારુતર વિદ્યામંડળ તરફથી બેસ્ટ સ્કૂલ એવોર્ડ વર્ષ ૨૦૦૨-૨૦૦૩
૩. જિલ્લા કક્ષાના સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર વર્ષ ૨૦૨૧-૨૨
૪. તાલુકા કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

**દાન :** બોર્ડની પરીક્ષામાં જ્વલંત સફળતા હાંસલ કરનાર શાળાની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી વાર્ષિકોત્સવ પ્રસંગે સિલ્વર ગોલ્ડ પ્લેટેડ મેડલથી નવાજવા વિવિધ શિક્ષણપ્રેમી દાતાઓ તરફથી દાન મળેલ છે.

**દાતાઓની યાદી :**

૧. અંબાલાલ લલ્લુભાઈ પટેલ તરફથી રૂા. ૧૧,૧૧૧
૨. વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ તરફથી રૂા. ૫૧,૦૦૦
૩. મહાલક્ષ્મીબેન વિઠ્ઠલભાઈ પટેલ તરફથી રૂા. ૫૧,૦૦૦
૪. ઉર્મિલાબેન શશીકાંત પટેલ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦
૫. શ્રી ભીખુભાઈ કુબેરભાઈ પટેલ દ્વારા પ્રતિ વર્ષ શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને ચોપડા, ગણવેશ અને ફી સહાય પ્રાપ્ત થાય છે.

**શાળાનું ધોરણ ૧૨નું બોર્ડનું પરિણામ :**

| ક્રમ | વર્ષ | શાળાનું પરિણામ (%) |
|---|---|---|
| ૧. | ૧૯૯૦ | ૮૧.૭૫ |
| ૨. | ૧૯૯૧ | ૮૮.૬૭ |
| ૩. | ૧૯૯૨ | ૯૦.૧૧ |
| ૪. | ૧૯૯૩ | ૯૬.૬૨ |
| ૫. | ૧૯૯૪ | ૯૧.૮૯ |
| ૬. | ૧૯૯૫ | ૯૧.૬૦ |
| ૭. | ૧૯૯૬ | ૯૪.૪૧ |
| ૮. | ૧૯૯૭ | ૯૮.૬૬ |
| ૯. | ૧૯૯૮ | ૧૦૦.૦૦ |
| ૧૦. | ૧૯૯૯ | ૯૮.૭૮ |
| ૧૧. | ૨૦૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૨. | ૨૦૦૧ | ૧૦૦.૦૦ |
| ૧૩. | ૨૦૦૨ | ૧૦૦.૦૦ |
| ૧૪. | ૨૦૦૩ | ૯૦.૪૭ |
| ૧૫. | ૨૦૦૪ | ૮૯.૫૧ |
| ૧૬. | ૨૦૦૫ | ૯૫.૫૫ |
| ૧૭. | ૨૦૦૬ | ૧૦૦.૦૦ |
| ૧૮. | ૨૦૦૭ | ૯૮.૬૯ |
| ૧૯. | ૨૦૦૮ | ૧૦૦.૦૦ |
| ૨૦. | ૨૦૦૯ | ૯૦.૩૭ |
| ૨૧. | ૨૦૧૦ | ૧૦૦.૦૦ |
| ૨૨. | ૨૦૧૧ | ૯૧.૫૬ |
| ૨૩. | ૨૦૧૨ | ૯૪.૯૧ |
| ૨૪. | ૨૦૧૩ | ૯૧.૦૦ |
| ૨૫. | ૨૦૧૪ | ૮૪.૮૫ |
| ૨૬. | ૨૦૧૫ | ૯૪.૮૭ |
| ૨૭. | ૨૦૧૬ | ૮૭.૫૦ |

| | | |
|---|---|---|
| ૨૮. | ૨૦૧૭ | ૯૧.૭૫ |
| ૨૯. | ૨૦૧૮ | ૮૨.૭૬ |
| ૩૦. | ૨૦૧૯ | ૭૯.૬૫ |
| ૩૧. | ૨૦૨૦ | ૮૮.૧૬ |
| ૩૨. | ૨૦૨૧ | ૧૦૦.૦૦ |
| ૩૩. | ૨૦૨૨ | ૯૬.૬૭ |
| ૩૪. | ૨૦૨૩ | ૮૪.૫૨ |

**શૈક્ષણિક પ્રવૃત્તિ :**

**ઓન ધ જોબ ટ્રેનિંગ :** વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતનો વિકાસ થાય તે માટે ઓન ધ જોબ ટ્રેનિંગ આપવામાં આવે છે.

ઈન્સ્ટિટ્યૂટશન હાઉસ કિપીંગ ગૃપમાં આર્ટિકલ જેવા કે દીવા, પોટ પેઈન્ટિંગ, મંડાલા આર્ટ, રેઝીન, આર્ટ, લીપણ આર્ટ, ડેકોરેટિવ લેમ્પ, ગ્લાસ પેઈન્ટિંગ, બોટલ આર્ટ, રાખડી મેકિંગ વગેરે વિશે ટ્રેનિંગ આપવામાં આવે છે.

ફૂડ પ્રોસેસિંગ એન્ડ પ્રિઝર્વેશન ગૃપમાં ઉપમા મિક્સ, ખીચડી મિક્સ, ટામેટો કેચપ, પાઈનેપલ સ્ક્બ, બેકરી પ્રોડક્ટસ તથા ડીહાઈડ્રેટર દ્વારા વિવિધ વસ્તુઓની સુકવણી, અથાણા, દરેક પ્રકારના જામ વિશેની ટ્રેનિંગ આપવામાં આવે છે.

ક્લોથિંગ ફોર ધ ફેમિલી ગૃપમાં સિલાઈ કામ, સ્ટેન્સિલ પ્રિન્ટિંગ, જ્વેલરી મેકિંગ, પેચ વર્ક વગેરે વિશેની ટ્રેનિંગ આપવામાં આવે છે.

**વર્કશોપ :**

શાળામાં વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ નિષ્ણાતો દ્વારા બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ફ્લાવર મેકિંગ, નેપ્કિન ફોલ્ડીંગ, વિવિધ મસાલા, બેકરી પ્રોડક્ટ, એપ્લીક વર્ક, સ્કેચિંગ સ્કિલ, પ્રિન્ટિંગ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને રોજગારલક્ષી બનાવવામાં આવે છે.

**શૈક્ષણિક મુલાકાત :**

વિદ્યાર્થીઓને સંસ્થાઓની પ્રત્યક્ષ માહિતી મળી રહે તે માટે ઈન્સ્ટિટ્યૂશન હાઉસ કીપિંગ અંતર્ગત હોટલ, હોસ્ટેલ, હોસ્પિટલના મેનેજમેન્ટની માહિતી માટે મધુભાન રિસોર્ટ, હોટેલ એચ તથા ફ્લો આર્ટ ગેલેરીની મુલાકાતનું આયોજન કરવામાં આવે છે.

ફૂડ પ્રીઝર્વેશન અને પ્રોસેસિંગ અંતર્ગત કોલ્ડ સ્ટોરેજ, અમુલ, ઓઈલ મીલ, ફરસાણ ફેક્ટરી, પારલે બિસ્કીટ, બેકરીની મુલાકાત લેવામાં આવે છે.

કલોથિંગ ફોર ધ ફેમીલી અંતર્ગત સ્કવેર જીન્સ ફેક્ટરી, મફતલાલ મિલ, બ્લોક પ્રિન્ટિંગ યુનિટ, ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, બરોડા પ્રિન્ટ તથા બ્યુટીક જેવી સંસ્થાઓની મુલાકાત લેવામાં આવે છે.

**ગેસ્ટ લેક્ચરનું આયોજન :**

શાળામાં વિદ્યાર્થિનીઓ વિવિધ વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે હેતુથી અલગ અલગ વિષયના નિષ્ણાત દ્વારા ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવે છે.

**પરીક્ષાઓનું આયોજન :**

શાળામાં સત્રાંત અને વાર્ષિક કસોટી ઉપરાંત દર માસે એકમ કસોટીનું નિયમિત આયોજન કરવામાં આવે છે. પરિણામ સુધારણાના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ વર્ક અને પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવે છે. તથા બોર્ડ પેપર્સની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે.

**સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

**બાહ્ય પરીક્ષાઓ :**

શાળામાં બાહ્ય પરીક્ષાઓ જેવી કે સ્વામી વિવેકાનંદ લેખિત ક્વિઝ, બુદ્ધિ કસોટી, ચિત્ર સ્પર્ધા, અખિલ ભારતીય ગાયત્રી પરિવાર દ્વારા લેખિત ક્વિઝનું આયોજન કરવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.

**શાળાકીય સ્પર્ધાઓ :**

શાળા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ,


ISSN 0976-9609

ચિત્ર, ક્વીઝ, ગીત, રંગોળી, ગરબા, શ્રુતલેખન, સુલેખન, ડાન્સ, મહેંદી, મેકઅપ, નેઈલ આર્ટ, આરતી-થાળી ડેકોરેશન, કલાસ ડેકોરેશન, ગણપતિ મેકિંગ, સલાડ ડેકોરેશન, રેસીપી વગેરે જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. શાળામાં ગૌરીવ્રત, ગુરુપર્ણિમા, સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન, શિક્ષક દિન, નવરાત્રી પર્વની ઉજવણી વગેરેમાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

શાળામાં દર વર્ષે રાષ્ટ્રીય આહાર અને પોષણ માહની ઉજવણીમાં નિયમિત વિવિધ પોષક તત્ત્વોને ધ્યાનમાં રાખી ઈન્ટર સ્કૂલ વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવે છે.

**અન્ય પ્રવૃત્તિઓ :**

- શાળામાં વિદ્યાર્થીનીઓને રમતગમત ક્ષેત્રે તાલુકા-જિલ્લા કક્ષાએ મહાકુંભની વિવિધ રમતોમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરે છે. કલા ઉત્સવ અને યુવા ઉત્સવમાં પણ ભાગ લે છે.
- શાળામાં એન.એસ.એસ. યુનિટ કાર્યરત છે. જેના દ્વારા દત્તક લીધેલ ગામમાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે.
- શાળામાં વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્ય માટે યોગ તેમજ સ્વ-રક્ષણ માટે સેલ્ફ ડિફેન્સ કલાસીસ તથા વ્યક્તિત્વ વિકાસ, કેરીયર કાઉન્સિલીંગ કાર્યક્રમો, મોટીવેશનલ સ્પીચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- વિદ્યાર્થિનીઓ વાચન-લેખનની પ્રેરણા મળે તે હેતુથી શાળામાં OASIS પ્રવૃત્તિનું આયોજન કરેલ છે.
- શાળામાં વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને ત્યારબાદ તેમનામાં રહેલી ઉણપ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.
- શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના વાલીઓની બન્ને સત્રના અંતે વાલી મિટીંગનું આયોજન કરવામાં ઓ છે. જેમાં વિદ્યાર્થિનીઓએ વાલીઓને પ્રથમ અને દ્વિતિય કસોટીની ઉત્તરવહી બતાવી પરિણામ સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.
- શાળામાં ચારુતર વિદ્યામંડળ અને રેડક્રોસ સોસાયટી, આણંદના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે.

**શાળાની ભૌતિક સુવિધાઓ :**

**ગ્રંથાલય સુવિધા :** કુલ પુસ્તકો : ૩૪૫૪, સંસ્થાઓના સામયિકો ૨ અને ૩ વર્તમાનપત્રો.

શાળાના વર્ગખંડમાં સી.સી.ટી.વી. કેમેરા તેમજ ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. શાળામાં વિદ્યાર્થિનીઓને માટે ગર્લ્સ રૂમમાં સેનેટરી પેડ અને ઈલેકટ્રીક ઈન્સીનરેટરની સુવિધા છે. વિદ્યાર્થિનીઓને પૌષ્ટિક નાસ્તો મળી રહે તે માટેની કેન્ટીનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. શાળામાં શૈક્ષણિક કાર્યક્રમ નિહાળવા પ્રોજેક્ટર અને એલ.સી.ડી. ટીવી તથા કોમ્પ્યુટર લેબની સગવડ પણ છે. સ્વચ્છ પીવાના પાણી માટે આર.ઓ. સીસ્ટમની સુવિધા છે. શાળામાં અદ્યતન ક્લાસરૂમમાં શૈક્ષણિક સાધનો દ્વારા થિયરી તથા સાધનોની સજ્જ એવી પ્રયોગશાળામાં પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવે છે.

---

ઈન્ચાર્જ પ્રિન્સિપાલ
સી.વી.એમ.હાયર સેકન્ડરી એજ્યુકેશન કોમ્પલેક્ષ
(વોકેશનલ સ્ટ્રીમ) હોમ સાયન્સ યુનિટ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦, તા.જિ.આણંદ
(ફોન નં) (૦૨૬૯૨) ૨૩૧૨૪૫
Email: cvm_homev10@yahoo.com
Website : cvmhomescience.edu.in.

## રાષ્ટ્રીય આહાર પોષણ માહની ઉજવણી કરાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત-સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સ અને સી. સી. પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય આહાર પોષણ માહની ઉજવણી અને ઈન્ટર સ્કૂલ મિલેટ્સ વાનગી હરીફાઈ કરવામાં આવી હતી જેમાં અધ્યક્ષ સ્થાને પ્રિન્સિપાલ જે.ડી.પટેલ તથા મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા ડો. વિનાયક એચ. પટેલ, ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ નિર્ણાયક પ્રો. તન્વીબેન, સુહાનીબેન, અર્પિતાબેન, જાગૃતિબેન અને વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડો.વિનાયક એચ.પટેલે, મિલેટ્સ વિષય પર વકતવ્ય આપ્યું હતું. જેમાં મીલેટસને વધુ પોષણયુક્ત અને વિવિધ રોગમાં તેનો કેવી રીતે ઉપયોગ થઈ શકે તેના વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. પ્રિ.જે.ડી.પટેલે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું. આચાર્યશ્રી આશાબેન પટેલે શાબ્દિક સ્વાગત અને મહેમાનોનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને ઋણ સ્વીકાર પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર નયના શર્માએ આચાર્યા શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં રાજભાષા હિન્દી દિવસની ઉજવણી :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૧૪મી સપ્ટેમ્બરના રોજ રાજભાષા હિન્દી દિવસની ઉજવણી શાળાના પ્રિ.વિજયકુમાર સુથાર સાહેબના અધ્યક્ષપદે, નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના એસોસિએટ પ્રોફેસર વરિષ્ઠ અધ્યાપક ડો. ભરતસિંહ ઝાલા મુખ્ય મહેમાન પદે, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં શાળાના સભાખંડમાં યોજાઈ હતી. હિન્દી દિવસની ઉજવણી અંતર્ગત સુલેખન અને શ્રુતલેખન સ્પર્ધાઓ યોજાઈ જેના વિજેતાઓને પુરસ્કાર ભરતસિંહજી ઝાલા સાહેબે હિન્દી ભાષાનું પ્રચલન, વૈધાનિક માન્યતા, પ્રચારપ્રસાર, વર્તમાન સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. શાળાના હિન્દી વિષયના ખન્નાપ્રસાદ અમીન દ્વારા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યુ હતું.

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે નેશનલ સિમ્પોઝિયમ ઓન ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી-૨૦૨૩ (NSFT-23) નો પ્રારંભ :

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનિયર ભીખુભાઈ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ દ્વારા નેશનલ સિમ્પોઝિયમ ઓન ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી-૨૦૨૩ (NSFT-23) નો પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે ડો. એસ.જી.પટેલ (માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ) ડો. ઈંદ્રજીત એન. પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ) ડો. શિવાની શર્મા (પ્રિન્સિપાલ, ટેકનિકલ કન્સલ્ટન્ટ, હિટાચી એનર્જી ઈન્ડીયા લિમિટેડ), શ્રી શુભાજીત બોધક (ટેકનોલોજી કાન્સલ્ટન્ટ, રોકવેલ ઓટોમેશન), ડો. જગદીશ એમ. રાઠોડ (કન્વિનર NSFT-23 તથા ફેકલ્ટી એડવાઈઝર IEEE BVM SB) ડો. દર્શન દલવાડી (ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી, NSFT-23 તથા બ્રાન્ચ કાઉન્સિલર IEEE BVM SB) દરેક વિભાગીય વડાઓ, બીવીએમ એલ્મની એસોસિએશનના વડોદરાના તથા આણંદના મેમ્બર્સ, ડો.મુકેશ શિમ્પી (NSFT-23, ઈવેન્ટ કોર્ડિનેટર) ડો.જયેશ પિત્રોડા (NSFT-23, Executive Committee Member), ડો. કેયુર બ્રહ્મભટ્ટ (NSFT-23, Executive Committee Member), ડો. કૌશિકા પટેલ (NSFT-23, Executive Committee Member), પ્રો.પલક પટેલ (NSFT-23, Executive Committee Member), દેવ પાદરીયા (GS), ધ્રુમિલ ગજેરા (ચેરમેન, IEEE BVM SB) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો.આકાર રોધેલિયા (કલ્ચરલ કન્વિનર) તથા વિદ્યાર્થીઓએ પ્રાર્થનાગીત


ISSN 0976-9609

રજૂ કર્યુ હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ઈન્દ્રજીત એન. પટેલે સૌનું અભિવાદન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે બીવીએમ તેના વિઝન પ્રોડયુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જિનિયર્સ વિથ કોર વેલ્યુઝ તથા મુદ્રાલેખ વર્ક ઈઝ વર્શિપ પર સતત પ્રયત્નશીલ છે. NSFT-23 એ IEEE BVM SB ની બીજી આવૃત્તિ તથા ફ્લેગશીપ ઈવેન્ટ છે. તેના આયોજનના કેન્દ્રમાં રેપિડ ચેંજીંગ ટેકનોલોજી, કોર્પોરેટ રિવોલ્યુશન, ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશન જેવા વિષયો ધ્યાનમાં લેવામાં આવ્યા છે. સરદાર પટેલના યુથ ડેવલપમેન્ટ તથા એમ્પાવરમેન્ટના વિઝનને અનુલક્ષીને બીવીએમના વિદ્યાર્થીઓને સોશિયલી રિસ્પોન્સિબલ સીટીઝન બનાવવા માટે સંસ્થા ખાતે IEEE, ITI, ISTE, TRS, CSI, GDC, WDC, SAE, NSS, NCC તથા બચપન દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે. વર્ષ ૨૦૨૨ માં બીવીએમની IEEE સ્ટુડન્ટ બ્રાન્ચને બેસ્ટ બ્રાન્ચનો એવોર્ડ IEEE ગુજરાત સેક્શન દ્વારા પ્રાપ્ત થયેલ છે.

આ પ્રસંગે ડો. જગદીશ એમ. રાઠોડે જણાવ્યું હતું કે IEEE ની સ્થાપના વર્ષ ૧૮૮૪ માં થઈ જે વર્તમાન સમયમાં ૧૯૦ થી વધુ દેશોમાં ૪,૨૭,૦૦૦ થી વધુ મેમ્બર્સ ધરાવે છે. જેમાં ૧,૪૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, ૨૭૦૦ થી વધુ ચેપ્ટર્સ તથા ૩૭૦૦ થી વધુ સ્ટુડન્ટ બ્રાન્ચનો સમાવેશ થાય છે. બીવીએમ ખાતે સ્ટુડન્ટ બ્રાન્ચની શરૂઆત ૨૦૧૬ માં થઈ તથા તેની અંતગર્ત ૭૦ થી વધુ ઈન્ટરનેશનલ તથા નેશનલ ઈવેન્ટસ સફળતાપૂર્વક યોજાઈ. ઉપરોક્ત NSFT-23 માં ડો. શિવાની શર્મા (PGI Hitachi energy India LTD) ફ્યુચર ઓફ સસ્ટેનેબલ ટ્રાન્ઝિશન વિષય પર, શ્રી શુભાજીત બોધક (Technology Consultant, Rockwell Automation) ડિજિટલ ટ્વીન વિષય પર, કેપ્ટન ધર્મવીર સિંઘ (Ex-Army, Fit India Ambassador) અનલીશ યોર પોટેન્શિયલ વિષય પર ડો.વત્સલ પટેલ (Formert Chief City Planner of Ahmedabad, Sabarmati River Front Dev. Corporation) સ્માર્ટ સિટી તથા અર્બન ટેકનોલોજી વિષય પર શ્રી અનુરાગ વર્મા (Associate Programme Director, Gaganyaan, ISRO) પોટેન્શિયલ ઓફ હ્યુમન કોલોનાઈઝેશન ઓન અધર પ્લેનેટ્સ વિષય પર ડો. કમલ વોરા (Advisor, BAJA SAE India, Former Senior Director of ARAI) ફ્યુચર ઓફ મોબિલિટી એન્ડ ઓટોનોમસ વેહિકલ વિષય પર, શ્રી રિદ્ધેશ જાલનાપુરકર (Founder, Sales Insight India, Author 'Selling in India the Journey of Salesman) આંત્રપ્રેન્યોરશિપ વિષય પર તથા તરંગ વોરા (MBBS, MRSC, DNB Neurosurgery Fellowship in Pediatric Neurosurgery, CMC Vellore & AIIMS Delhi), બ્રેઈન મશીન ઈન્ટરફેસ જેવા વિષય પર પોતાનું નોલેજ પૂરું પાડશે.

આ પ્રસંગે ડો. એસ.જી.પટેલે સૌને અભિનંદન પાઠવ્યા હતા. તથા આ પ્રકારનું આયોજન વર્તમાન સમયની ટેકનોલોજીને અનુલક્ષીને વિદ્યાર્થીઓની ટેકનિકલ સ્કિલ્સ, મેનેજરિયલ સ્કિલ્સ ડેવલપ કરવામાં મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું. અંતે ડો દર્શન દલવાડીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજ શર્મા તથા પરી પટેલે કર્યુ હતું.

ઉપરોક્ત ઇવેન્ટમાં ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈવેન્ટને સફળ બનાવવા માટે સ્ટુડન્ટ બ્રાન્ચના વિદ્યાર્થીઓ ધ્રુમિલ ગજેરા, દેવાંગ રાઠોડ, કુશ રાજ, આયુષ, ધ્રુવ મરાઠે તથા અન્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ કરી હતી. ઉપરોક્ત ઈવેન્ટ માટે ચારુતર વિદ્યામંડળ, બીવીએમ એલ્મની એસોસિએશન, દરેક વિભાગીય વડાઓ તથા સ્ટાફ મેમ્બર્સનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

*દીપોત્સવ એટલે*

*દીપના ઉત્સવનું પર્વ*

*પ્રકાશના પ્રાગટ્યનું પર્વ.*

દરેક વ્યક્તિના જીવનમાં નવો ઉમંગ,

નવો ઉત્સાહ લાવે તેવું પર્વ.

**तमसो मा ज्योतिर्गमय**


ISSN 0976-9609

# સીવીએમ યુનિવર્સિટી દ્વારા 'અમૃત કળશ યાત્રા' યોજાઈ




'આઝાદી કા અમૃત મહોત્સવ'ની પૂર્ણાહૂતિના ભાગરૂપે ૯ ઑગસ્ટ ૨૦૨૩ના રોજ 'મેરી માટી મેરા દેશ' અભિયાન અંતર્ગત દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણોની આહૂતિ આપનાર વીર શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરી દેશની માટી અંગે આદર અને ગૌરવ અનુભવે તે હેતુથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન હેઠળ ભારત સરકારના મિનિસ્ટ્રિ ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સના નિર્દેશાનુસાર સમગ્ર દેશમાં 'મેરી માટી મેરા દેશ' અભિયાન અંતર્ગત 'અમૃત કળશ યાત્રા'નું આયોજન થઈ રહ્યું છે. જેના ઉપલક્ષમાં આણંદ જિલ્લામાં વલ્લભ વિદ્યાનગર સ્થિત ધ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના એનએસએસ વિભાગ દ્વારા યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓના સહયોગથી 'અમૃત કળશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને ચારૂતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જીનીયર ભીખુભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની અને કાર્યકારી કુલસચિવ સુશ્રી અગ્નેશ્વરી અઢીયાએ 'અમૃત કળશ યાત્રા'નું પુષ્પાભિવાદન કરી કળશમાં માટી ઉમેરી યુનિવર્સિટી સંકુલથી યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ, સેક્રેટરીશ્રી ડૉ.એસ.જી.પટેલ તેમજ માનદ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલે 'અમૃત કળશ યાત્રા'ને આવકારી તેમાં માટી ઉમેરી હતી. યાત્રા ઘટક કૉલેજોના આંગણે પહોંચી ત્યારે સંસ્થાના આચાર્યાશ્રીએ વિદ્યાર્થીઓ સહિત યાત્રાને આવકારી પોતાની સંસ્થામાં આસપાસના ગામોમાંથી એકત્રિત કરેલી માટી અમૃત કળશમાં ઉમેરી હતી. સમગ્ર યાત્રાનું આયોજન સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કૉ-ઓર્ડિનેટર પ્રા.કાર્તિક જગતાપના માર્ગદર્શન હેઠળ થયું હતું. યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ અને સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને યાત્રાને સફળ બનાવી હતી.

BOOK POST
November 2023

V-Vidyanagar 25 (11)
Published on 05/11/2023
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



Diwali also known as Dewali, Divali, or Deepavali comes from the Sanskrit dipavali meaning 'row or series of lights'. The term is derived from the Sanskrit words dipa, 'lamp, light, lantern, candle, that which glows, shines, illuminates or knowledge' and avali, 'a row, range, continuous line, series'.

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )